dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-321 | AD-2026, Shravan Sud-14 | Thursday, Dt. 27-08-2026 | Editor: Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### રસુવા જિલ્લામાં ૫૫નાં મોત, ૫૦૦થી વધુ લોકો ગુમ; કૈલાશ માનસરોવર યાત્રાળુઓની ચિંતા વધી

# નેપાળ-તિબેટ સરહદે પૂરને કારણે અનેક લોકોના મોત

નવી દિલ્હી,તા.૨૬

નેપાળ-તિબેટ સરહદે બુધવારે સવારે અચાનક આવેલા ભયાનક પૂરના કારણે નેપાળના રસુવા જિલ્લામાં ભારે તબાહી સર્જાઈ છે. સવારે આશરે નવ વાગ્યે તિબેટ તરફથી ભોટેકોશી નદીમાં અચાનક પાણીનો તેજ પ્રવાહ આવતા અનેક વિસ્તારો તેની ઝપેટમાં આવી ગયા હતા.નેપાળી માધ્યમોના અહેવાલ મુજબ અત્યાર સુધીમાં ૫૫ લોકોનાં મોત થયા હોવાની માહિતી સામે આવી છે, જ્યારે નેપાળના પર્યટન વિભાગના જણાવ્યા મુજબ ૫૦૦થી વધુ લોકો ગુમ છે. ગુમ થયેલા લોકોમાં ૧૦૫ ભારતીયો સહિત ૨૯૧ વિદેશી પર્યટકોનો સમાવેશ થાય છે.અધિકારીઓના જણાવ્યા મુજબ ફરી એકવાર મોટા પૂરના ખતરાની શક્યતા છે. જ્યાં હિમનદીનું તળાવ ફાટવાથી અચાનક પૂર આવ્યું હતું, ત્યાં હજુ પણ આશરે સાત મીટર ઊંચો પાણીનો જથ્થો એકઠો થયો છે. આ પાણીનો બંધ ગમે ત્યારે તૂટી શકે છે, જેના કારણે આસપાસના વિસ્તારોમાં ફરી વિનાશ સર્જાવાની આશંકા છે.



કૈલાશ માનસરોવર યાત્રા માટે નેપાળનો રસુવાગઢી માર્ગ મહત્વનો છે. પૂરના કારણે નેપાળ-ચીન સરહદ તરફ જતો માર્ગ ભારે નુકસાન પામ્યો છે. મોટી સંખ્યામાં ભારતીય શ્રધ્ધાળુઓ આ માર્ગે તિબેટ તરફ જતા હોવાથી અનેક યાત્રાળુઓ સંપર્ક વિહોણા બનતાં તેમના પરિવારોમાં ચિંતા ફેલાઈ છે.પૂરના કારણે રસુવા જિલ્લામાં નવ બૅંક શાખાઓ પણ ધોવાઈ ગઈ છે. નેપાળ બૅંકર્સ એસોસિએશનના જણાવ્યા મુજબ ત્યાં ફરજ બજાવતા ૨૬ કર્મચારીઓનો હજુ સુધી સંપર્ક થઈ શક્યો નથી. ટેલિફોન સેવા અને વીજળી ખોરવાઈ જતાં રાહત તથા બચાવ કામગીરીમાં પણ મુશ્કેલી ઊભી થઈ રહી છે.

**પૂરમાં ૫૦૦ લોકો ગુમ, જેમાં ૩૭ NRI પણ સામેલ**

નેપાળમાં આવેલી ભયાનક પૂર પછી લગભગ ૫૦૦ યાત્રીઓ ગુમ હોવાનું જણાવાઈ રહ્યું છે. જેમાં ૩૭ પ્રવાસી ભારતીય (NRI) અને ૧૦૫ ભારતીય નાગરિકોનો સમાવેશ થાય છે. નેપાળ પર્યટન બોર્ડે આ માહિતી આપી છે.

**ભારતીય દૂતાવાસે હેલ્પલાઇન નંબર જાહેર કર્યા**

ભારતીય નાગરિકોની મદદ અને માહિતી માટે કાઠમંડુ સ્થિત ભારતીય દૂતાવાસે કટોકટી નંબર જાહેર કર્યા છે. અસરગ્રસ્ત લોકો +૯૭૭ ૯૮૫ ૧૩૧ ૬૮૦૭ અને +૯૭૭ ૯૭૦ ૯૧૦ ૭૫૦૦ પર સંપર્ક કરી શકે છે.નેપાળ ટુરિઝમ બોર્ડે પણ મદદ માટે ટોલ-ફ્રી નંબર ૧૨૩૪, હોટલાઈન ૧૧૪૪ અને ટુરિસ્ટ પોલીસ નંબર ૯૮૫૧૨૮૯૪૪૫ જાહેર કર્યો છે.

**ભારતીય વાયુસેના એલર્ટ, C-17 અને C-130 વિમાન તૈયાર**

ભારત સરકારના સંરક્ષણ મંત્રાલયના સૂત્રોએ બુધવારે જણાવ્યું હતું કે ભારતીય વાયુસેના નેપાળમાં રાહત અને બચાવ મિશન માટે સંપૂર્ણપણે તૈયાર છે. રાહત સામગ્રી, દવાઓ અને માટી હટાવવાના ઉપકરણોથી ભરેલા C-૧૭ અને C-૧૩૦ વિમાનોને સ્ટેન્ડબાય પર રાખવામાં આવ્યા છે.

# ઓમ બિરલાએ ટીએમસીના ૨૦ બળવાખોર સાંસદોને નોટિસ ફટકારી, સાત દિવસમાં જવાબ માંગ્યો

કોલકાતા, તા.૨૬

તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના ૨૦ બળવાખોર સાંસદો સામે લોકસભા સચિવાલયે નોટિસ જારી કરી છે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાના નિર્દેશ હેઠળ અપાયેલી આ નોટિસમાં સાંસદો પાસેથી સાત દિવસમાં જવાબ માંગવામાં આવ્યો છે. ટીએમસી નેતા અભિષેક બેનર્જીએ આ સાંસદોને પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ ગેરલાયક ઠેરવવાની માંગ સાથે અલગ-અલગ અરજીઓ દાખલ કરી હતી. આ મામલે મંગળવારે સુપ્રીમ કોર્ટમાં



સુનાવણી થઈ હતી. સુપ્રીમ કોર્ટે પણ ૨૦ સાંસદોને નોટિસ જારી કરી હતી અને ટીએમસીની ગેરલાયકાત અરજી અંગે તેમનો જવાબ માંગ્યો હતો. આ મામલે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા વતી સોલિસિટર જનરલ હાજર રહ્યા હતા. ટીએમસીનો આરોપ છે કે આ સાંસદોએ પક્ષની ટિકિટ પર લોકસભાની ચૂંટણી જીતી હતી, પરંતુ બાદમાં પક્ષથી અલગ થઈને નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયામાં જોડાવાનો નિર્ણય લીધો હતો. બળવાખોર સાંસદોએ લોકસભા અધ્યક્ષને ગૃહમાં અલગ બેઠક વ્યવસ્થા કરવાની પણ માંગ કરી હતી. તેમનો દાવો છે કે તેમને ટીએમસીના બે તૃતીયાંશ લોકસભા સાંસદોનું સમર્થન છે.

ટીએમસી સાંસદ સૌગત રોયે જણાવ્યું હતું કે આ કાનૂની મામલો છે અને પક્ષના વકીલ કલ્યાણ બેનર્જીએ અગાઉ જ આ અંગે નિવેદન આપ્યું છે. તેથી તેઓ વધુ ટિપ્પણી કરવા માંગતા નથી. અભિષેક બેનર્જીએ લોકસભા અધ્યક્ષને પક્ષપલટા વિરોધી કાયદા હેઠળની અરજીઓ પર ઝડપથી નિર્ણય લેવા અપીલ કરી હતી.

# પેપર લીક બાદ મહારાષ્ટ્રમાં ડ્રગ ઈન્સ્પેક્ટરની પરીક્ષા રદ, ૪૦ લાખમાં પેપર વેચાયાનો આક્ષેપ

મુંબઈ, તા.૨૬

પેપર લીકના આક્ષેપો બાદ મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન (MPSC) દ્વારા ડ્રગ ઈન્સ્પેક્ટરની પરીક્ષા રદ કરવામાં આવી છે. આ મામલે એનસીપી (શરદ પવાર) જૂથના નેતા અને ધારાસભ્ય રોહિત પવારે કમિશનની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે દાવો કર્યો છે કે પેપર લીકનું નેટવર્ક સમગ્ર મહારાષ્ટ્રમાં સક્રિય હતું અને ડ્રગ ઈન્સ્પેક્ટરની પરીક્ષાનું પેપર રૂ. ૪૦ લાખમાં વેચાયું હતું. રોહિત પવારે સોશિયલ



મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને MPSCને ટેગ કરીને જણાવ્યું કે, પેપર લીકના પુરાવા સાથે તેમણે અગાઉ આ મુદ્દો ઉઠાવ્યો હતો. તપાસ બાદ પેપર ખરેખર લીક થયું હોવાનું સામે આવ્યું હોવાથી કમિશને આખરે પરીક્ષા રદ કરી છે.

પવારે કહ્યું કે, કમિશનનો એવો દાવો કે માત્ર એક જ વિદ્યાર્થી પાસે પેપર પહોંચ્યું હતું તે સ્વીકાર્ય નથી. તેમના જણાવ્યા મુજબ, રાજ્યભરમાં સક્રિય એજન્ટોના નેટવર્ક દ્વારા પેપર રૂ. ૪૦ લાખમાં વેચવામાં આવ્યા હતા અને કમિશન પણ આ અંગે જાણતું હતું. તેમણે સમગ્ર મામલાનો તપાસ રિપોર્ટ જાહેર કરવાની માંગ કરી છે. પવારે પ્રશ્ન ઉઠાવ્યો કે તેમણે આપેલા એજન્ટોના નામ અંગે શું કાર્યવાહી થઈ અને આ કૌભાંડમાં કમિશનમાંથી કોઈ વ્યક્તિ સંડોવાયેલી છે કે નહીં તેની પણ તપાસ થવી જોઈએ. રોહિત પવારે આ ઘટનાને કમિશનની વિશ્વસનીયતા સાથે જોડાયેલો ગંભીર મુદ્દો ગણાવી કમિશનના અધ્યક્ષે નૈતિક જવાબદારી સ્વીકારી રાજીનામું આપવું જોઈએ તેવી માંગ કરી છે. સાથે જ સરકારે સ્વચ્છ છબી ધરાવતી વ્યક્તિને અધ્યક્ષ બનાવવી જોઈએ અને સમગ્ર મામલે જનતા સમક્ષ સત્ય રજૂ કરવું જોઈએ તેવી અપીલ કરી છે.

### તમામ મૃતદેહ સડી ગયેલી હાલતમાં મળતા પોલીસ માટે ઓળખ મુશ્કેલ

# વિજયપુરાના ભૂતનાથ તળાવમાં ૬ મૃતદેહ મળી આવતાં ખળભળાટ

વિજયપુરા (કર્ણાટક), તા.૨૬

કર્ણાટકના વિજયપુરામાં આવેલા ભૂતનાથ તળાવમાંથી બે બાળકો સહિત છ લોકોના મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. મૃતકોમાં ચાર મહિલાઓ અને બે બાળકોનો સમાવેશ થાય છે. ઘટનાની જાણ થતાં પોલીસે અને ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી મૃતદેહોને



તળાવમાંથી બહાર કાઢ્યા હતા. મૃતકોની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. પોલીસના જણાવ્યા અનુસાર, સ્થાનિક લોકોએ તળાવમાં મૃતદેહો તરતા જોયા બાદ પોલીસને જાણ કરી હતી. માહિતી મળતાં સિટી ડેપ્યુટી એસપી નાગરાજ, આદર્શ નગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ સીતારામ લમાણી સહિતનો પોલીસ સ્ટાફ અને ફાયર બ્રિગેડના કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

સવારે આશરે ૮થી ૮:૩૦ વાગ્યાની વચ્ચે પોલીસ ટીમે મૃતદેહોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં પોલીસને આશંકા છે કે આ લોકો તળાવની મુલાકાતે આવ્યા હશે અને લપસીને પાણીમાં પડી ગયા હશે. જોકે, આ માત્ર પ્રાથમિક આશંકા છે અને ઘટનાનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી. મૃતદેહો લગભગ સડી ગયેલી હાલતમાં મળી આવ્યા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે બીએસડીઈ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. મૃતકોની ઓળખ માટે પોલીસ દ્વારા આસપાસના ગામોમાં તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસનું કહેવું છે કે પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને તપાસ બાદ જ છ લોકોના મોતનું ચોક્કસ કારણ જાણી શકાશે. સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# રક્ષાબંધન પર્વ પૂર્વે પહેલી રાખડી બાબા મહાકાલને અર્પણ કરાશે


ઉજ્જૈન, તા.૨૬

રક્ષાબંધન પૂર્વે ઉજ્જૈનના શ્રી મહાકાલેશ્વર મંદિરમાં તૈયારીઓ પૂર્ણતાના આરે છે. પરંપરા મુજબ રક્ષાબંધનના દિવસે સૌપ્રથમ બાબા મહાકાલને વિશેષ રાખડી અર્પણ કરાશે. ભસ્મ આરતી દરમિયાન પંચામૃત અભિષેક બાદ સૂકા મેવા અને ભાંગથી શણગાર કરવામાં આવશે. પુજારી પરિવારની મહિલાઓ દ્વારા આશરે ૨ ફૂટ લાંબી રાખડી તૈયાર કરવામાં આવી છે. રક્ષાબંધન નિમિત્તે બાબા મહાકાલને ૧.૨૫ લાખ લાડુનો ભોગ ધરાવવામાં આવશે અને ભક્તોને મહાપ્રસાદનું વિતરણ કરાશે.









# ગજેરા કેમ્પસમાં રક્ષાબંધન પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી

અમરેલી, તા. ૨૬

અમરેલીના ગજેરા કેમ્પસમાં રક્ષાબંધન પર્વની ભવ્ય અને ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. બહેનોએ ભાઈઓને કંકુ-ચોખાનું તિલક કરી આરતી ઉતારી રક્ષાસૂત્ર બાંધી સુખી અને સ્વસ્થ જીવનની શુભકામનાઓ પાઠવી હતી. ભાઈઓએ પણ બહેનોની રક્ષા અને સન્માનનો



સંકલ્પ લીધો હતો. કેમ્પસના મહિલા સ્ટાફે પુરુષ સ્ટાફને પણ રક્ષાસૂત્ર બાંધી સ્નેહ અને સૌહાર્દની ભાવના વ્યક્ત કરી હતી. જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલના વિદ્યાર્થીઓએ તૈયાર કરેલી ૪૦ ફૂટ લાંબી રાખડી વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ જણાવ્યું હતું કે, કેમ્પસ માત્ર શિક્ષણનું સ્થળ નહીં, પરંતુ પરિવાર સમાન છે. સમગ્ર કાર્યક્રમમાં ભારતીય સંસ્કૃતિ, સંસ્કાર અને ભાઈ-બહેનના પવિત્ર સંબંધનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.

# આમ આદમી પાર્ટીની ઉગ્ર રજૂઆત બાદ બાબરા-લીલવડા-વાંકીયા રોડનું કામ શરૂ

બાબરા, તા. ૨૬

બાબરાથી લીલવડા થઈ વાંકીયા તરફ જતા મુખ્ય માર્ગની દયનીય હાલત અંગે બે દિવસ અગાઉ આમ આદમી પાર્ટીના આગેવાનો અને કાર્યકરોએ સ્થળ પર પહોંચી નિરીક્ષણ કર્યું હતું. રોડની ખરાબ સ્થિતિ અંગે સ્થાનિકોની સમસ્યાને વીડિયો મારફતે તંત્ર સમક્ષ રજૂ કરી તાત્કાલિક



તસવીર : દિપક કનૈયા

રીપેરીંગ અને રીસરફેસિંગની માંગ કરવામાં આવી હતી. આ રજૂઆતના બે દિવસમાં જ બાબરા-લીલવડા-વાંકીયા રોડનું કામ શરૂ થતાં સ્થાનિકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે. AAP આગેવાનોએ જણાવ્યું કે, વિપક્ષનું કામ માત્ર વિરોધ કરવાનું નથી, પરંતુ જનતાના પ્રશ્નો તંત્ર સમક્ષ મજબૂતાઈથી રજૂ કરી ઉકેલ આવે ત્યાં સુધી અવાજ ઉઠાવવાનો છે.આગામી દિવસોમાં પણ લાઠી વિધાનસભા વિસ્તારમાં રોડ, પાણી, શિક્ષણ અને આરોગ્ય સહિતના પ્રશ્નોને લઈને સતત રજૂઆત કરવામાં આવશે.

# રાજુલામાં ઈદે મિલાદના જુલુસ વચ્ચે એમ્બ્યુલન્સને પોલીસે રસ્તો આપ્યો

રાજુલા, તા.૨૬



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલાના હોસ્પિટલ ચોક વિસ્તારમાં ઈદે મિલાદના જુલુસ દરમિયાન હજારો લોકોની ભીડ એકત્ર થઈ હતી. તે દરમિયાન દર્દીને લઈને પસાર થતી ૧૦૮ એમ્બ્યુલન્સ જુલુસમાં ફસાઈ ન જાય તે માટે રાજુલા પોલીસે તાત્કાલિક કામગીરી કરી હતી. પી.આઈ. કોલાદરા સહિત પોલીસ સ્ટાફે ભારે ભીડ વચ્ચે એમ્બ્યુલન્સને સુરક્ષિત રીતે રસ્તો પસાર કરાવ્યો હતો. પોલીસની માનવતાભરી કામગીરીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા લોકો દ્વારા રાજુલા પોલીસની કામગીરીને બિરદાવવામાં આવી રહી છે.

# બગસરા નાગરિક શરાફી મંડળીના કર્મીઓનું પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ

બગસરા,તા.૨૬

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લિ.ની બગસરા શાખાના લોકરમાં મૂકવા આવેલા સભાસદ આશરે રૂ.૧૦ લાખના સોનાના દાગીના ગ્રાહક લોકરની બહાર જ ભૂલી ગયા હતા.મંડળીના સભાસદ મહેન્દ્રભાઈ સુંદરજીભાઈ જીવાણી પોતાના અંગત દસ્તાવેજો મૂકવા આવ્યા હતા. અગાઉ લોકર



તસવીર : હાર્દિક બામટા

ખોલ્યું ત્યારે દાગીના લોકરની બહાર રહી ગયા હતા. લોકર ઓપરેટર વસીમ હાલા અને રવિ વ્યાસના ધ્યાનમાં આ દાગીના આવતા તેમણે શાખા મેનેજર હેમેન્દ્ર કટેસિયા, જનરલ એમ.ડી. નિતેશ ડોડીઆ અને સેક્રેટરી ડી.જી. મહેતાને જાણ કરી હતી. ત્યારબાદ ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆને જાણ કરી દાગીનાને શીલ પેક કરવામાં આવ્યા હતા. એક મહિના બાદ મહેન્દ્રભાઈએ ફરિયાદ કરતાં જરૂરી વિગતો મેળવી દાગીના પરત કરવામાં આવ્યા હતા. કર્મચારીઓની પ્રમાણિકતા બદલ લોકર ઓપરેટરોને શુભેચ્છા પાઠવાઈ હતી.

# કોટડાપીઠા ગામે દાતાના સહયોગથી પ્રવેશદ્વારનું ભવ્ય લોકાર્પણ કરાયું

બાબરા, તા. ૨૬

કોટડાપીઠા ગામે મુંબઈમાં વસતા ગામના વતની દાતા રમેશભાઈ રતનશીભાઈ વસાણીના સહયોગથી નિર્માણ



પામેલા ભવ્ય પ્રવેશદ્વારનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વસાણી પરિવાર દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા સહિત આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગામના સૌ સમાજના આગેવાનો તથા ગ્રામજનોએ દાતા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રવેશદ્વાર ગામની શોભામાં વધુ એક આકર્ષણ બન્યું છે.

# અમરેલીના પ્રતાપપરામાં પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન બેઠક યોજાઈ

અમરેલી,તા.૨૬

અમરેલીના પ્રતાપપરા ગામમાં મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓએ પ્રાકૃતિક ખેતી અંગે યોજાયેલી માર્ગદર્શન બેઠકનો લાભ લીધો હતો. આ પ્રસંગે પ્રાકૃતિક વિકાસ બોર્ડમાંથી તાલુકા અને જિલ્લા કક્ષાએથી ઉપસ્થિત રહેલા તુષાબેન, ગાયત્રીબેન, રોહિતભાઈ, નિલેશભાઈ અને જીદભાઈએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના વિવિધ પાસાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે પ્રાકૃતિક ખેતી અપનાવવાથી થતા ફાયદા અને તેની



પધ્ધતિઓ વિશે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. બેઠકને સફળ બનાવવા પ્રગતિશીલ ખેડૂત સંદીપભાઈ ધાનાણી, જયંતીભાઈ વઘાસિયા અને જગદીશભાઈ કાથરોટીયાએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અંગે રસપૂર્વક માહિતી મેળવી હતી.

# સાવરકુંડલાની કાણકિયા કોલેજમાં મેઘાણી જન્મજયંતીની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા,તા.૨૬

સાવરકુંડલાની કાણકિયા કોલેજમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૩૦મી જન્મજયંતીની ઉત્સાહભેર



તસવીર : સૌરભ દોશી

ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગીત અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. ગીત સ્પર્ધામાં હેત્વી ચોડવડિયા અને નેહા મંજૂસા પ્રથમ, સુહાના સોરઠિયા દ્વિતીય અને હંસા કરમટીયા તૃતીય બન્યા હતા. નિબંધ સ્પર્ધામાં દેવાંશી નનેરા પ્રથમ, આશા કુકડીયા તથા દ્રષ્ટિ સોલંકી દ્વિતીય અને મિનાક્ષી ખુમાણ તૃતીય રહ્યા હતા. વિજેતાઓને શીલ્ડ તથા પરીક્ષા પેડ આપી પ્રોત્સાહિત કરાયા હતા.

# લીલીયા ખાતે સંસ્કૃત સપ્તાહ ગૌરવ યાત્રા યોજાઈ

લીલીયા,તા.૨૬

લીલીયા અમૃતબા વિદ્યાલય ખાતે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને અમરેલી જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા સંસ્કૃત સપ્તાહ નિમિત્તે ગૌરવ યાત્રા અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ શ્રીમદ્ ભગવદ્ ગીતા, રામાયણ, બૃહદ્ સંહિતા સહિતના ગ્રંથો સાથે શહેરના માર્ગો પર ગૌરવ યાત્રા યોજી હતી. સંસ્કૃતના શ્લોકો, વેશભૂષા અને ગરબાથી સમગ્ર



વાતાવરણ સંસ્કૃતમય બન્યું હતું. ત્યારબાદ ચિત્ર, નિબંધ, વક્તૃત્વ, રંગોળી અને વેશભૂષા સહિતની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે સભ્ય સચિવ અરવિંદભાઈ આચાર્ય, હસમુખભાઈ કરડ, કે.જે. ઉપાધ્યાય, જે.ટી. આચાર્ય સહિત રાજકીય આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# સંસ્કૃત સપ્તાહ અંતર્ગત સંસ્કૃત શ્લોકો સાથે વડિયામાં મહારેલી યોજાઈ

અમરેલી,તા.૨૬

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા ૨૫થી ૩૧ ઓગસ્ટ દરમિયાન સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે વડીયા-કુંકાવાવ તાલુકા કક્ષાનો કાર્યક્રમ વડિયા ખાતે મહારેલીના રૂપમાં યોજાયો હતો. ટ્રેક્ટરોમાં બેનરો લગાવી મોટી સંખ્યામાં



હોદેદારો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ રેલીમાં જોડાયા હતા. સુરગવાળા હાઈસ્કૂલથી શરૂ થયેલી રેલી મુખ્ય બજાર થઈ મામલતદાર કચેરી સુધી પહોંચી હતી. રેલી દરમિયાન સંસ્કૃતના શ્લોકો અને સૂત્રોથી વડિયાની બજાર ગુંજી ઉઠી હતી. રેલીમાં જિલ્લા પંચાયત સદસ્ય પારૂલબેન દાફડા, તાલુકા પંચાયત સદસ્ય હિતેષભાઈ રામાણી, હરેશભાઈ રાદડિયા, ચેતનભાઈ દાફડા, નાયબ મામલતદાર દીપકભાઈ મકવાણા સહિત શાળા-કોલેજના આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# સાવરકુંડલામાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી

સાવરકુંડલા,તા.૨૬

સાવરકુંડલા શહેરમાં સ્વામિનારાયણ ગુરુકુળ સંચાલિત એ. કે. ઘેલાણી માધ્યમિક શાળામાં સંસ્કૃત ભાષાના સંવર્ધનના હેતુથી 'સંસ્કૃત સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી હતી. તા. ૨૧ ઓગસ્ટે શાળામાં વકૃત્વ સ્પર્ધા, સંસ્કૃત સુભાષિત પઠન સ્પર્ધા અને સંસ્કૃત ભાષાને અનુરૂપ



ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પ્રથમ ત્રણ ક્રમ મેળવનાર કુલ ૯ વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા વિશેષ ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન મીંટુભાઈ,

**સંસ્થાના પ્રમુખ કોઠારી અક્ષરમુક્તદાસજીએ આશીર્વચન પાઠવ્યા**

દેવાયતભાઈ અને જયશ્રીબેને કર્યું હતું. સંસ્થાના પ્રમુખ કોઠારી અક્ષરમુક્તદાસજીએ આશીર્વચન પાઠવ્યા હતા. ગિરીશભાઈ વ્યાસે માર્ગદર્શન આપ્યું હતું. આચાર્ય દીપેશકુમાર એમ. પંડ્યાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.









# અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રક્ષાબંધનની ભાવસભર ઉજવણી

**પોલીસ કર્મચારીઓ અને ભાજપ કાર્યકર્તાઓને રક્ષા સૂત્ર બાંધી ભાઈચારો અને રાષ્ટ્રભાવનાનો સંદેશ આપ્યો**

અમરેલી,તા.૨૬



વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા અધ્યક્ષ વિજયભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ જિલ્લા તથા નગરની માતૃ શક્તિ અને દુર્ગા વાહિનીની બહેનોએ રક્ષાબંધન નિમિત્તે રક્ષા સૂત્ર બાંધવાનો કાર્યક્રમ યોજ્યો હતો. બહેનોએ અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પી.આઈ. ઝાલા તથા પોલીસ કર્મચારીઓ અને અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના પી.આઈ. જાડેજા તથા પોલીસ કર્મચારીઓને રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરી હતી. ઉપરાંત ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણી, પ્રદીપભાઈ ભાખર તથા કાર્યકર્તાઓને પણ રક્ષા સૂત્ર બાંધવામાં આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા સહમંત્રી રશ્મિનભાઈ ત્રિવેદી, કોષાધ્યક્ષ પંકજભાઈ ત્રિવેદી, નગર મંત્રી પંકજભાઈ કાનાણી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# વરસાદ ખેંચાતાં તોરી-રામપૂર સૂરવો નદી પર નર્મદા યોજનાના વાલ્વ ખોલવા વિનુભાઈ કોટડીયાની માંગ

**ખેડૂતોને પાક બચાવવા માટે પાણીની તાતી જરૂરીયાત, મંત્રી કૌશિક વેકરીયાને પત્ર લખી રજૂઆત કરી**

તોરી,તા.૨૬



તસવીર : વિનુભાઈ કોટડીયા

અમરેલી જિલ્લાના વડીયા-મોટી કુંકાવાવ તાલુકાના તોરી ખેડૂત ચર્ચા મંડળના પ્રમુખ વિનુભાઈ એ. કોટડીયા દ્વારા ગુજરાત રાજ્યના મંત્રી અને અમરેલી, વડિયા-મોટી કુંકાવાવના ધારાસભ્ય કૌશિક વેકરીયાને પત્ર લખીને તોરી-રામપૂર સૂરવો નદી પર આવેલ નર્મદા યોજનાના વાલ્વ ખોલવા માંગણી કરવામાં આવી છે. હાલમાં વરસાદ ખેંચાવાના કારણે ખેડૂતોને ખેતીનો પાક બચાવવા માટે પાણીની અત્યંત જરૂરિયાત ઉભી થઈ છે. આ બાબતની ત્વરિત નોંધ લઈને રામપૂર ટીંબાપર નર્મદા યોજનાના વાલ્વ તુરંત ખોલવામાં આવે જેથી ખેતી માટે ખેડૂતોને મદદરૂપ બની શકાય.

# બાબરામાં ઉડાન લેડીઝ ક્લબ દ્વારા 'વેલકમ જન્માષ્ટમી'ની ભવ્ય ઉજવણી

બાબરા,તા.૨૬



બાબરા ખાતે ઉડાન લેડીઝ ક્લબ અને વીરબાઈ માં સત્સંગ દ્વારા 'વેલકમ જન્માષ્ટમી' ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાંકરિયા ચોરા ખાતે પૂજાબેન મકવાણાના ઘરે યોજાયેલા કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં બહેનો, વૈષ્ણવો અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. જન્માષ્ટમી નિમિત્તે મટકી ફોડ અને દાણલીલાના રાસનું આયોજન કરાયું હતું. કાર્યક્રમમાં સૌએ ઉત્સાહભેર ભાગ લેતા વાતાવરણ કૃષ્ણમય બન્યું હતું.

# અમરેલીની મોંઘીબા મહિલા કોલેજમાં ડૉ. આઈ. કે. વિજળીવાળાનું પ્રેરણાત્મક વ્યાખ્યાન યોજાયું

અમરેલી,તા.૨૬



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે ઈનોવેશન ક્લબ અંતર્ગત જાણીતા વક્તા ડૉ. આઈ. કે. વિજળીવાળાનું 'ચાલો જિંદગીને જીતી લઈએ' વિષય પર પ્રેરણાદાયી વ્યાખ્યાન યોજાયું હતું. દીપ પ્રાગટ્યથી પ્રારંભાયેલા આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. વિલાસબેન સોરઠિયાએ સ્વાગત પ્રવચન આપ્યું હતું અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. પોતાના વ્યાખ્યાનમાં ડૉ. વિજળીવાળાએ સરળ રજૂઆત દ્વારા સમયનું મૂલ્ય, ધ્યેયનિર્ધારણ, શિસ્ત અને સકારાત્મક અભિગમ જેવા મૂલ્યો સમજાવી વિદ્યાર્થીઓને પડકારોને તકમાં ફેરવવાની પ્રેરણા આપી હતી. આ પ્રસંગે કૉલેજ પરિવાર દ્વારા સ્મૃતિચિહ્ન અને વિદ્યાર્થિની કુ. ભક્તિ મારૂનું ડ્રોઈંગ ડૉ. વિજળીવાળાને ભેટ અપાયું હતું. કાર્યક્રમમાં અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન ડૉ. એમ. જે. પટોળિયાએ અને આભાર વિધિ ડૉ. અરવિંદકુમાર ઉપાધ્યાયે કરી હતી.

# લુવારીયા ગામના વડીલો માટે નિઃશુલ્ક સેવા સત્સંગ યાત્રા

અમરેલી, તા.૨૬



લુવારીયા ગામે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સમસ્ત ગ્રામજનોના વયોવૃધ્ધ વડીલો માટે નિઃશુલ્ક 'સેવા સત્સંગ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. યુવા દાતા કલ્પેશભાઈ બી. સુદાણી, હાલ દુબઈના સહયોગથી તથા રાજેશભાઈ એન. પાનસુરીયાના સુચારુ આયોજન હેઠળ બે સ્લીપર વોલ્વો બસ દ્વારા ૧૩૦ વડીલો યાત્રાએ નીકળ્યા હતા. સવારે ૪ વાગ્યે લુવારીયાથી પ્રસ્થાન કરી સૌપ્રથમ વીરપુર જલારામ મંદિર, ત્યારબાદ ખોડલધામ-કાગવડ, ખંભાલીડાની બૌધ્ધ ગુફા અને જેતપુર સ્વામિનારાયણ મંદિરના દર્શન કર્યા હતા. અંતે પરબધામ-વાવડી ખાતે દર્શન કરી યાત્રા પૂર્ણ કરાઈ હતી.

# અમરેલી વાલ્મીકિ સમાજ દ્વારા પાલિકા પ્રમુખ પ્રતિનિધિનું સન્માન કરવામાં આવ્યું

અમરેલી,તા.૨૬



અમરેલી સમસ્ત વાલ્મીકિ સમાજના યુવાનો દ્વારા અમરેલી નગરપાલિકાના પ્રમુખ પ્રતિનિધિ સંદિપભાઈ માંગરોળિયાનું સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના યુવાનોએ અમરેલી શહેરના ઐતિહાસિક ધાર્મિક સ્થાન નાગનાથ મહાદેવનું તૈલી ચિત્ર અર્પણ કરી તેમનું સન્માન કર્યું હતું.

આ પ્રસંગે સમાજના યુવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વાલ્મીકિ સમાજના યુવાનોએ અમરેલી શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે નગરપાલિકા દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીને બિરદાવી હતી. તેમજ શહેરના નગરજનોની સુખાકારી માટે નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની પણ પ્રશંસા કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાવેશ વાળોદરા, વિપુલ સોલંકી, રતિભાઈ ટીમાણિયા, પંકજ વાળા, સુનિલ બારૈયા, પ્રિતેશ ચૌહાણ, રાજીવ ચૌહાણ, લાલજી ચાવડા, કેતન વાળોદરા, ભપુબાપુ વાઘેલા, રસિક સોલંકી, કેવલ વાઘેલા અને શાંતિલાલ વાળોદરા સહિત સમાજના યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા સાક્ષરતા મિશન સત્તામંડળની બેઠક યોજાઈ

અમરેલી,તા.૨૫

જિલ્લા સાક્ષરતા મિશન સત્તામંડળ (DLMA)ની બેઠક જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં જિલ્લામાં નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ યોજનાના અસરકારક અમલીકરણ અંગે મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી.બેઠક દરમિયાન જિલ્લામાં ૧૫થી ૬૦ વર્ષની વયજૂથના નિરક્ષરોનો સર્વે કરવા અંગે શિક્ષણ વિભાગને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. જે ગામોમાં નિરક્ષરો મળી આવે ત્યાં સાક્ષરતા વર્ગો શરૂ કરવા જિલ્લા કલેક્ટરે સૂચના આપી હતી, જેથી નિરક્ષર નાગરિકોને સાક્ષર બનાવી મુખ્ય પ્રવાહ સાથે જોડવાનું કાર્ય વધુ અસરકારક રીતે થઈ શકે. આ ઉપરાંત, આગામી ૧ સપ્ટેમ્બરથી ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન 'સાક્ષરતા પખવાડિયા'ની ઉજવણી જિલ્લાની તમામ શાળા-કોલેજોમાં કરવામાં આવશે તેમ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી સાક્ષરતાનો સંદેશ જન-જન સુધી પહોંચાડવા અને સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. જિલ્લા સાક્ષરતા મિશન સત્તામંડળ દ્વારા નવ ભારત સાક્ષરતા કાર્યક્રમના સફળ અમલીકરણ માટે સંબંધિત વિભાગોને સંકલિત પ્રયાસો કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ બેઠકમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણી, જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી સોલંકી, શિક્ષણ વિભાગના અધિકારઓ અને સત્તા મંડળના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.






# સાવરકુંડલા ખાતે ૭૫૦થી વધુ વિદ્યાર્થીઓની સંસ્કૃત ગૌરવ યાત્રા

સાવરકુંડલા,તા.૨૬



સાવરકુંડલા ખાતે સંસ્કૃત સપ્તાહ નિમિત્તે ભવ્ય સંસ્કૃત ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિ અને સંસ્કૃત ભાષાના જતન તથા પ્રચારના હેતુથી યોજાયેલી યાત્રામાં ૭૫૦થી વધુ વિદ્યાર્થીઓ શિસ્તબધ્ધ રીતે જોડાયા હતા. એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતેથી પ્રારંભ થયેલી યાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ જે.વી. મોદી હાઈસ્કૂલના ગ્રાઉન્ડ ખાતે પૂર્ણ થઈ હતી. યાત્રામાં સંસ્કૃતના વૈજ્ઞાનિક મહત્વ અને પ્રાચીન વારસાને દર્શાવતી સાત જીવંત ઝાંખીઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. અંતે વિદ્યાર્થીઓ માટે સાત્વિક અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ગણેશ ઉત્સવને લઈ અમરેલી જિલ્લામાં જાહેરનામું

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લામાં ગણેશ મહોત્સવ શાંતિપૂર્ણ અને પર્યાવરણને અનુકૂળ માહોલમાં ઉજવાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ સમગ્ર જિલ્લામાં નિયંત્રક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

તે મુજબ બેઠક સહિત માટીની ગણેશ મૂર્તિ વધુમાં વધુ ૯ ફૂટ અને પી.ઓ.પી.ની મૂર્તિ વધુમાં વધુ ૫ ફૂટની જ બનાવી, વેચાણ કે સ્થાપિત કરી શકાશે.

ઝેરી કેમિકલયુક્ત રંગોના ઉપયોગ અને મંજૂરી વગરના સ્થળે વિસર્જન પર પ્રતિબંધ રહેશે. ગણેશ પંડાલોમાં સીસીટીવી કેમેરા તથા અગ્નિશામક સાધનો ફરજિયાત રહેશે. મૂર્તિઓ આસપાસ ગંદકી કરવા તથા ખંડિત મૂર્તિઓને બિનવારસી હાલતમાં મૂકવા પર પણ પ્રતિબંધ રહેશે.

## અવસાન નોંધ

**બગસરા**

બગસરા નિવાસી સોની જમનભાઈ ટપુભાઈ ધોરડા ઉ.વ (૭૧) તેઓ દિપેશભાઈ પિયુષ ભાઈ તેમજ વંદનાબેનના પિતાશ્રીનું તારીખ ૨૫/૦૮/૨૦૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.સદગતની સાદડી તારીખ ૨૭/૦૮/૨૦૨૬ ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ જૂની ખત્રીવાડી - ખત્રીવાડ ખાતે રાખેલ છે.










# જિલ્લામાં અકસ્માતે પાંચ લોકોના મોત

**પરિવારજનોએ વિવિધ પોલીસ સ્ટેશનમાં મૃત્યુ અંગે જાણ કરી**

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લામાં બે મહિલા સહિત ૭ લોકોના વિવિધ બનાવોમાં મોત થયાં હતાં. પ્રથમ બનાવમાં હાલ સુરતમાં રહેતા અને વેપાર કરતાં મૂળ બગસરાના બાલાપુર ગામના રમેશભાઈ ઉકાભાઈ હુમ્મર (ઉ.વ.૫૬)એ જાહેર કર્યા મુજબ, હરેશભાઈ પાંચાભાઈ હુમ્મરનું માવજીંજવા ગામે એક વાડીમાં અકસ્માતે કૂવામાં પડી જતાં પાણીમાં ડૂબી જવાથી મોત થયું હતું.બીજા બનાવમાં મૂળ મધ્યપ્રદેશના અને હાલ સાવરકુંડલામાં રહેતા પ્રશાંતકુમાર વિજય યાદવ (ઉ.વ.૨૭)એ જાહેર કર્યા મુજબ, તેમનો હમવતની બલદિપસિંગ જુજારસિંહ (ઉ.વ.૨૬) રૂમ પર એકલો હતો. તેઓ રૂમ પર આવતાં તેના મોઢા તથા નાકમાંથી ફીણ નીકળતાં હોવાથી સારવાર અર્થે લઈ જતાં મૃત જાહેર કરાયો હતો.ત્રીજા બનાવમાં સાવરકુંડલામાં રહેતા મનસુખભાઈ મોહનભાઈ જમાડ (ઉ.વ.૫૫)એ જાહેર કર્યા મુજબ, તેમનાં પત્ની જયાબેન (ઉ.વ.૫૨)ને છેલ્લા ઘણા સમયથી ઊંઘ આવતી નહોતી. જેથી કંટાળી જઈ પોતે ઘઉંમાં નાખવાનો ઝેરી પાવડર પી જવાથી સારવાર દરમિયાન મરણ પામ્યાં હતા. ચોથા બનાવમાં અમરેલીમાં રહેતા મૂળ મધ્ય પ્રદેશના ઉડારી ગામના લીલાબેન અજીતભાઈ આદિવાસી (ઉ.વ.૩૦)એ જાહેર કર્યા પ્રમાણે, અજીતભાઈ ધીરૂભાઈ આદિવાસી (ઉ.વ.૩૩) પાણાની ખાણમાં નાહવા પડ્યા હતા અને પાણીમાં ડૂબી જવાથી મરણ પામ્યા હતા. પાંચમા બનાવમાં લીલીયામાં રહેતા અને કટલેરીનું કામ કરતા હિંમતભાઈ અરવિંદભાઈ ચૌહાણ (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા પ્રમાણે, અરવિંદભાઈ ઝવેરભાઈ ચૌહાણ (ઉ.વ.૫૩)ને કોઈ કામ-ધંધો મળતો નહોતો. બેરોજગારીથી કંટાળી તેમણે ગળે બ્લેડ મારી હતી, જેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું

# અમરેલીના પીપળલગ ખાતે FPO દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૬



પીપળલગ ખાતે અમરેલી ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી લી. (FPO) દ્વારા પર્યાવરણ જતન અને હરિયાળી ક્રાંતિના સંદેશ સાથે ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી જિલ્લા સહકારી સંઘ તથા FPOના અધ્યક્ષ મનીષ સંઘાણીના હસ્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મનીષ સંઘાણીએ પોતાના હસ્તે વૃક્ષારોપણ કરી પર્યાવરણની જાળવણીમાં વૃક્ષોના મહત્વ અંગે જણાવ્યું હતું. તેમણે ગ્લોબલ વૉર્મિંગ અને આબોહવા પરિવર્તન જેવી ગંભીર સમસ્યાઓ સામે વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ખેડૂતો અને સહકારી મંડળીઓ કૃષિ સાથે પર્યાવરણના સંરક્ષણમાં પણ મહત્વની ભૂમિકા ભજવી શકે છે. કાર્યક્રમમાં FPOના પદાધિકારીઓ, સહકારી આગેવાનો, ખેડૂતો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌએ વાવેલા છોડના ઉછેર અને જતનનો સંકલ્પ લીધો હતો.

# ખાંભાના નાની ધારી ગામે યુવકને આડેધડ ઢીકાપાટુનો માર માર્યો

**યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપતા ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ**

ખાંભા, તા.૨૬

ખાંભાના નાની ધારી ગામે યુવકને આડેધડ ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો. પ્રતાપભાઈ ગોલણભાઈ વાળા (ઉ.વ.૩૫)એ અનકભાઈ ગભરૂભાઈ વાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની જમીનનો ઘણા વર્ષોથી વાદ-વિવાદ ચાલતો હતો. જે વાતની અદાવત રાખી તેમને બીભત્સ ભાષામાં ગાળો આપી શરીરે આડેધડ ઢીકાપાટુનો મૂઢ માર માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.પી.ધાંધળ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે યોજાયેલી ભવ્ય તિરંગા યાત્રામાં NCC ગર્લ્સ કેડેટ્સ જોડાયા

અમરેલી,તા.૨૬



અમરેલી શહેરમાં ૮૦મા રાજ્ય કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે ૧૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ભવ્ય 'તિરંગા યાત્રા' યોજાઈ હતી. આ યાત્રામાં ૩૦૦ મીટર લાંબો વિશાળ રાષ્ટ્રધ્વજ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. અમરેલી જિલ્લા પોલીસ વડા (SP), વહીવટી તંત્ર અને પોલીસ પરેડ ગ્રાઉન્ડના સંયુક્ત સહયોગથી યોજાયેલી આ યાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. આ યાત્રામાં મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજના NCC વિભાગની ૫૦ કેડેટ્સે લેફ્ટનન્ટ મનીષા સાગઠીયાના માર્ગદર્શન હેઠળ દેશભક્તિના નારાઓ સાથે ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ રાષ્ટ્રભાવનાસભર કાર્યક્રમમાં ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરિયા, કલેક્ટર, SP સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો સહભાગી બન્યા હતા.

# જિલ્લામાં ૮ મહિલા સહિત ૧૯ લોકો પાસેથી દેશી દારૂ મળ્યો

**૬ લોકો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા**

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળેથી ૮ મહિલા સહિત ૧૯ લોકો પાસેથી દેશી દારૂ મળ્યો હતો. પોલીસે કુલ મળીને ૧૧૬ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કરીને ધોરણસરની કાર્યવાહી કરી હતી. જિલ્લામાં ત્રણ જગ્યાએથી દેશી દારૂ બનાવવાનો આથો ઝડપાયો રહ્યો હતો. અમરેલીમાં ચિત્તલ અને મોણપુર રોડ પર બે જગ્યાએથી ૩૧૦ લીટર તથા તાતણીયા ગામેથી ૪૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો મળ્યો હતો. આ સિવાય જિલ્લામાંથી છ લોકો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# સાવરકુંડલાના વિદ્યાર્થીએ સ્ટેમ ક્વિઝમાં રાજ્ય કક્ષાએ ભાગ લીધો

સાવરકુંડલા,તા.૨૬



ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા આયોજિત સ્ટેમ ક્વિઝમાં સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થી આરબ કામિલે રાજ્ય કક્ષાએ ભાગ લીધો હતો. આ બદલ આરબ કામિલને સેમસંગ કંપનીનું ટેબલેટ ભેટરૂપે એનાયત કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં ક્વિઝના કન્વીનર હરેશભાઈ ગુજરાતી અને સાવજ નીતિનભાઈ દ્વારા માર્ગદર્શન અને સહયોગ આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીની આ સિધ્ધિ બદલ નૂતન કેળવણી મંડળનાં પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી, ઉપપ્રમુખ કનુભાઈ ગેડિયા, મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ જીતુભાઈ ભટ્ટએ આરબ કામિલને અભિનંદન પાઠવ્યા હતા.

# પેરોલ પર છૂટેલો રાજુલાના માંડળ ગામનો પાકા કામનો કેદી ફરાર

**રાજકોટ મધ્યસ્થ જેલમાં બંધ હતો**

રાજુલા, તા.૨૬

રાજકોટ મધ્યસ્થ જેલમાં સજા કાપતો રાજુલાના માંડળ ગામનો યુવક પેરોલ પર મુક્ત થયો હતો. પેરોલ પૂરા થયા બાદ હાજર થવાના બદલે ફરાર થઈ ગયો હતો. સુરેશભાઈ ઉર્ફે સુરો બાલાભાઈ રાજકોટ મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા કાપતો હતો. ગુજરાત હાઈકોર્ટના આદેશાનુસાર તા. ૦૮/૦૫/૨૦૨૬થી ૭ દિવસની પેરોલ રજા પર જેલમુક્ત થયો હતો.

જે બાદ ૧૬/૦૫/૨૦૨૬ ના રોજ જેલે હાજર થવાનું હતું પરંતુ જેલ પર હાજર ન થતા બારોબાર ફરાર થઈ ગયો હતો. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ કે પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટાથી ૧૩૫૦ ટન ઘઉંનો જથ્થો રેલવે મારફતે તામિલનાડુ મોકલાયો

લીલીયા,તા.૨૬



લીલીયા મોટાથી કૃષિ ઉત્પાદનોના પરિવહનને વેગ આપવા ૧૩૫૦ ટન ઘઉંનો જથ્થો રેલવે રેક મારફતે તામિલનાડુ મોકલવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય જિગ્નેશ સાવજ તથા તેમની ટીમે સ્થળની મુલાકાત લઈ લોડિંગ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સમગ્ર આયોજનને બિરદાવ્યું હતું. રેલવે મારફતે કૃષિ પેદાશોના પરિવહનથી લીલીયા મોટા તથા આસપાસના ખેડૂતો અને વેપારીઓને લાભ મળશે તેમજ અન્ય રાજ્યોમાં માલ મોકલવાની પ્રક્રિયા વધુ ઝડપી બનશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ચૌદસ
તા.૨૭-૦૮-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૫:૫૬,
સૂર્યાસ્ત-૦૬:૪૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ધનિષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૨૭-૦૮-૨૦૨૬ ગુરુવાર

મેષ: આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. કાયમી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે.

વૃષભ: ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો થોડા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય છે તો તેમાં સુધારો થશે.

મિથુન: આજે તમારા કાર્યક્ષેત્રના શત્રુઓ વધુ મજબૂત થશે. આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે. તમે નિર્ભયતાથી તમારા કાર્યો કરી શકશો.

કર્ક: આજે બધ્ધિ અને જ્ઞાન વધશે. તમારા પૂરા પ્રયત્નોથી ઇચ્છા પૂર્ણ થશે. નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે. સાંજ ધાર્મિક કાર્યક્રમોમાં વિતાવશો.

સિંહ: જો તમે વિદ્યાર્થી છો તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો.

કન્યા: આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. આજે તમારી વર્તણૂકને પણ ધ્યાનમાં રાખો.

તુલા: આજે આવક કરતા વધુ ખર્ચ થશે. બાળક દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્યથી તમારું માન વધશે. તમે તમારી ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.

વૃશ્ચિક: આજે તમારે કોઈ કારણ વિના નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે. તમારા સ્વભાવ પ્રત્યે ગંભીર બનો, તમે માત્ર મહેનત કરીને જ તમારા કાર્યમાં સફળ થશો.

ધન: આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે.

મકર: આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આજે તમે ધાર્મિક કાર્યક્રમોમાં વધુ સમય પસાર કરશો.

કુંભ: આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.

મીન: આજે પૂર્વજો પાસેથી સંપત્તિ મળવાની સંભાવના છે. આ સિવાય આજે તંત્ર-મંત્ર પ્રત્યેની રુચિ પણ વધી શકે છે.પુણ્યની કામગીરીમાં રાતનો સમય વિતાવશો.

# અમરેલીની મોંઘીબા મહિલા કૉલેજમાં 'એક પેડ મા કે નામ' વૃક્ષારોપણ યોજાયું

અમરેલી,તા.૨૬



મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ ખાતે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે ભારત સરકારના "એક પેડ મા કે નામ" અભિયાન અંતર્ગત એનસીસી યુનિટ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે એનસીસીના કેડેટ્સ દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી જાળવવાનો સંદેશ આપતાં કુલ ૫૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું અને કેડેટ્સે વૃક્ષોના જતન તથા સંવર્ધન માટે પણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

"એક પેડ મા કે નામ" અભિયાન દ્વારા માતાના સન્માન સાથે પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને પર્યાવરણ સંરક્ષણ સાથે જોડીને એનસીસી કેડેટ્સે રાષ્ટ્રપ્રેમ સાથે પ્રકૃતિપ્રેમનું પણ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં એનસીસી કેડેટ્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# વડીયા તાલુકાના નાની કુકાવાવ ગામેથી ૭ જુગારીઓ ઝડપાયા

વડીયા, તા. ૨૬

**રૂ. ૧૩,૮૦૦નો મુદ્દામાલ જપ્ત**

વડીયાના નાની કુકાવાવ ગામેથી ૭ જુગારીઓ પોલીસ ઝપટે ચડ્યા હતા.

તેમની પાસેથી કુલ રૂ. ૧૩,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. અજયભાઈ કરશનભાઈ ગોરસવા, રીતીકભાઈ વિજયભાઈ ગોરસવા, નીરૂભાઈ જીલુભાઈ વાળા, ચતુરભાઈ કાળાભાઈ ગોરસવા, અરવીંદભાઈ વલ્લભભાઈ ગોરસવા, અમીતભાઈ અરવીંદભાઈ ગોરસવા તથા સનીભાઈ વિજયભાઈ ગોરસવા જાહેરમાં પૈસા વડે ગંજીપત્તાના પાનાથી હાર-જીતનો જુગાર રમતા રોકડા રૂ. ૧૩,૮૦૦ના મુદ્દામાલ સાથે પકડાયા હતા.

# સાવરકુંડલાના પાર્શ્વ મહેતા સહિતની ટીમ કનડ શિલ્ડ હેકાથોનમાં વિજેતા

સાવરકુંડલા,તા. ૨૬



સાવરકુંડલાના પાર્શ્વ જયેશભાઈ મહેતા અને અમદાવાદના નમ્ર પરીખની ટીમ 'અર્હમ ટેકવિઝન' કનડ શિલ્ડ હેકાથોનમાં વિજેતા બની હતી. ટીમે સાયબર સિક્યુરિટી ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન કરી AI આધારિત ફોરેન્સિક એનાલિસિસ સિસ્ટમ વિકસાવી હતી. આ સિસ્ટમ CCTV ફૂટેજનું વિશ્લેષણ કરી ચહેરા અને વાહનની નંબર પ્લેટની ઓળખ કરવામાં મદદરૂપ બને છે.

ટીમમાં નિરમા યુનિવર્સિટીના નમ્ર પરીખ અને ન્યુ એલ.જે. યુનિવર્સિટીના પાર્શ્વ મહેતા સામેલ હતા.

# બાબરાના રાયપર ગામે વાડીમાં આવેલી કૂવાની પાણીની મોટર શરૂ કરવા મુદ્દે સગા ભાઈઓ બાખડ્યા

**સામસામે જાનથી મારી નાખવાની ફરિયાદ નોંધાવી**

બાબરા, તા. ૨૬

બાબરાના રાયપર ગામે "જર, જમીન અને જોરૂ, ત્રણેય કજિયાના છોરૂ" કહેવતને ચરિતાર્થ કરતો કિસ્સો સામે આવ્યો છે. રાયપર ગામે વાડીમાં આવેલા કૂવાની પાણીની મોટર શરૂ કરવા મુદ્દે સગા ભાઈઓ બાખડ્યા હતા, જેમાં બંને ભાઈઓએ સામસામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.હરેશભાઈ રવજીભાઈ ભાલાળા (ઉં.વ. ૪૨)એ તેમના ભાઈ સુરેશભાઈ રવજીભાઈ ભાલાળા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, વાડીમાં આવેલા પાણીના કૂવામાં તેમનો ભાગ હોવાથી તેઓ પાણીની મોટર શરૂ કરવા ગયા હતા, જે આરોપીને ગમ્યું નહોતું. તેમણે પાવડાનો એક ઘા માથામાં તથા બીજો ઘા જમણા હાથના કાંડા અને અંગૂઠાના ભાગે મારી, માથામાં ત્રણ ટાંકા આવે તેવી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બીજી તરફ, સુરેશભાઈ રવજીભાઈ ભાલાળા (ઉં.વ. ૪૫)એ હરેશભાઈ રવજીભાઈ ભાલાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ભાઈ તેમની જમીન હડપ કરવા માગતા હોવાથી અવારનવાર માથાકૂટ કરતા હતા. તેના ત્રાસથી કંટાળીને તેમણે જમીન વેચવા કાઢી હતી. આ વાતનું મનદુઃખ રાખી આરોપીએ ગાળો આપી લોખંડના પાઈપ વડે શરીરે માર મારી, ડાબા હાથે ફ્રેક્ચર કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ મામલે બાબરા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. જે. સી. સોલંકી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**તંત્રી લેખ**

# હેડલાઈટની ઝળહળાટ સામે હવે કાયદાની કડક નજર

રાત્રિના અંધકારમાં રસ્તો સ્પષ્ટ દેખાય તે માટે વાહનની હેડલાઈટ અનિવાર્ય છે. પરંતુ જ્યારે આ જ હેડલાઈટ સામે આવતા વાહનચાલકની આંખોને ક્ષણભર માટે અંધારી કરી દે ત્યારે તે સુવિધા નહીં, પરંતુ જોખમ બની જાય છે. આજના સમયમાં કાર અને બાઈકમાં તેજસ્વી LED હેડલાઈટનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. વધુ પ્રકાશ એટલે વધુ સલામતી એવી માન્યતા પણ સામાન્ય બની છે. જોકે પ્રકાશની તીવ્રતા, દિશા અને યોગ્ય ઉપયોગ ન થાય તો અકસ્માતનું જોખમ વધી શકે છે. રાત્રે હાઈવે પર મુસાફરી કરતી વખતે સામેની દિશામાંથી આવતી અત્યંત તેજ હેડલાઈટનો અનુભવ લગભગ દરેક વાહનચાલકે કર્યો હશે. થોડા સેકન્ડ માટે રસ્તો, વાહન અને આસપાસનું દૃશ્ય સ્પષ્ટ દેખાતું બંધ થઈ જાય છે. આવી સ્થિતિમાં ડ્રાઈવરનું ધ્યાન ભટકી શકે છે અને વાહન પરનું નિયંત્રણ જાળવવું મુશ્કેલ બની શકે છે. ખાસ કરીને વળાંકવાળા રસ્તા, સાંકડા માર્ગો, વરસાદ અથવા ધુમ્મસ દરમિયાન આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને વાહનોની હેડલાઈટ અંગેના નિયમોને વધુ વ્યવસ્થિત અને કડક બનાવવાની દિશામાં વિચારણા જરૂરી બની છે. તેનો મુખ્ય હેતુ વાહનચાલકને પૂરતો પ્રકાશ મળે અને સામે આવતા વાહનચાલકને અનાવશ્યક ચમકનો સામનો ન કરવો પડે તેવું સંતુલન જાળવવાનો છે. નવી બાઈક અને સ્કૂટરમાં ઓટોમેટિક હેડલેમ્પ સિસ્ટમને કારણે લાઈટ સતત ચાલુ રહે છે. આવી સ્થિતિમાં લો-બીમ અને હાઈ-બીમના યોગ્ય ઉપયોગ અંગે જાગૃતિ વધુ મહત્વપૂર્ણ બની છે. હાઈ-બીમનો ઉપયોગ સૌથી મહત્વપૂર્ણ મુદ્દો છે. શહેરોમાં અથવા સામેથી વાહન આવી રહ્યું હોય ત્યારે હાઈ-બીમ ચાલુ રાખવાથી સામેના ડ્રાઈવરની આંખોમાં સીધો પ્રકાશ પડે છે. પરિણામે તેની દૃષ્ટિ થોડા સમય માટે ખોરવાઈ શકે છે. હાઈ-બીમનો ઉપયોગ માત્ર જરૂરી પરિસ્થિતિમાં અને યોગ્ય અંતરે જ કરવો જોઈએ. સામેનું વાહન નજીક આવે ત્યારે તરત જ લો-બીમનો ઉપયોગ કરવો એ દરેક વાહનચાલકની જવાબદારી છે. આજકાલ બજારમાં વિવિધ પ્રકારની LED હેડલાઈટ ઉપલબ્ધ છે. કેટલાક વાહનમાલિકો મૂળ હેડલાઈટ કરતાં વધુ શક્તિશાળી લાઈટ લગાવવાનું પસંદ કરે છે. પરંતુ માત્ર વધુ પ્રકાશ મેળવવો એ સલામતીની ખાતરી નથી. જો હેડલાઈટનો બીમ યોગ્ય દિશામાં ન પડે અથવા તેનું પેટર્ન યોગ્ય ન હોય તો તે સામે આવતા વાહનચાલકને ચમકાવી શકે છે. તેથી લાઈટ બદલતી વખતે તેની ગુણવત્તા સાથે તે વાહન માટે યોગ્ય છે કે નહીં તે પણ ધ્યાનમાં લેવું જરૂરી છે. હેડલાઈટના કલર ટેમ્પરેચરનું પણ મહત્વ છે. અત્યંત સફેદ અથવા વાદળી તરફનો પ્રકાશ કેટલીક પરિસ્થિતિમાં વધુ ચમક પેદા કરી શકે છે. ખાસ કરીને વરસાદી વાતાવરણ અથવા ધુમ્મસમાં તેજ સફેદ પ્રકાશના પ્રતિબિંબને કારણે રસ્તો જોવામાં મુશ્કેલી પડી શકે છે. તેથી પ્રકાશની માત્રા સાથે તેની ગુણવત્તા અને ઉપયોગની પરિસ્થિતિ અંગે પણ ધ્યાન આપવું જરૂરી છે.દરેક LED હેડલાઈટ ગેરકાયદેસર નથી. વાહન ઉત્પાદક દ્વારા પ્રમાણભૂત રીતે લગાવવામાં આવેલી હેડલાઈટ અને બજારમાંથી મનસ્વી રીતે લગાવવામાં આવેલી વધારાની લાઈટ વચ્ચે તફાવત છે. સમસ્યા ત્યારે ઊભી થાય છે જ્યારે વાહનની મૂળ રચનામાં એવો ફેરફાર કરવામાં આવે કે પ્રકાશનો બીમ ખોટી દિશામાં જાય અથવા સામેના વાહનચાલક માટે અસહ્ય ચમક ઊભી કરે.માર્ગ સલામતી માટે માત્ર સરકારી નિયમો પૂરતા નથી. વાહનચાલકની જવાબદારી પણ એટલી જ મહત્વપૂર્ણ છે.

# શ્રાવણ પૂર્ણિમાનો ત્રિવેણી સંગમ : પ્રકૃતિની આરાધના, વેદની ઉપાસના અને સ્નેહનું બંધન



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ભારતીય સંસ્કૃતિના ઉત્સવોના આકાશમાં શ્રાવણ માસની પૂર્ણિમા એક અનોખા તેજ સાથે પ્રગટે છે. આ એક જ તિથિ પોતાના અંચળામાં અનેક પવિત્ર પરંપરાઓને સમાવી લે છે. એક તરફ આ દિવસે ખારા જળના અધિપતિ વરુણદેવની આરાધના કરવામાં આવે છે, તો બીજી તરફ વૈદિક સંસ્કૃતિના વાહક બ્રાહ્મણો માટે જ્ઞાન, સંસ્કાર અને આત્મશુધ્ધિના પ્રતીક સમાન યજ્ઞોપવિત પરિવર્તનની પરંપરા નિભાવવામાં આવે છે. આ જ દિવસે બહેન પોતાના ભાઈના કાંડે રક્ષાનું પવિત્ર સૂત્ર બાંધી રક્ષાબંધનની ઉજવણી કરે છે. આમ, શ્રાવણ પૂર્ણિમા પ્રકૃતિ, વેદ, જ્ઞાન અને સ્નેહનો અનોખો સંગમ રચતી તિથિ છે, જે ભારતીય જીવનદર્શનની વિશાળતા અને સર્વસમાવેશકતાને પ્રગટ કરે છે. ભારતીય સંસ્કૃતિની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં પ્રકૃતિના કણેકણમાં દેવત્વનું દર્શન કરવામાં આવે છે. નદીને માતાનું સ્થાન આપવામાં આવ્યું છે, વૃક્ષોમાં દેવતાનો વાસ માનવામાં આવે છે અને પંચમહાભૂતો પ્રત્યે પણ શ્રધ્ધા વ્યક્ત કરવામાં આવે છે. આ જ દિવ્ય ભાવનાનું સુંદર સ્વરૂપ એટલે દરિયા પૂજન અથવા નારિયેળી પૂર્ણિમા. ગુજરાત અને મહારાષ્ટ્રના વિશાળ સાગરકાંઠે ઉજવાતો આ ઉત્સવ માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ સમુદ્ર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અને માનવજીવન તથા પ્રકૃતિ વચ્ચેના સહઅસ્તિત્વને સ્વીકારવાનો પવિત્ર અવસર છે. નારિયેળી પૂર્ણિમા ખાસ કરીને દરિયાકાંઠાના માછીમાર સમાજ માટે અત્યંત મહત્વ ધરાવે છે. ચોમાસાના ચાર મહિના દરમિયાન સમુદ્રમાં મોજાં ઉછળતાં હોય છે અને તોફાની પવનને કારણે દરિયો જોખમી બની જાય છે. આવી સ્થિતિમાં માછીમારો પોતાની હોડીઓ કિનારે બાંધીને દરિયો શાંત થવાની રાહ જુએ છે. શ્રાવણ પૂર્ણિમા આસપાસ વરસાદી માહોલમાં ઘટાડો થવા લાગે છે અને માછીમારો ફરી દરિયામાં માછીમારી માટે જવાની તૈયારી કરે છે. આ પહેલાં તેઓ વરુણદેવની પૂજા કરીને સુરક્ષિત દરિયાઈ સફર, સારો વ્યવસાય, સમૃધ્ધ માછીમારી અને પરિવારના સુખ-શાંતિ માટે પ્રાર્થના કરે છે. દરિયા પૂજન સાથે નારિયેળ અર્પણ કરવાની પરંપરા વિશેષ મહત્વ ધરાવે છે. ધાર્મિક માન્યતા મુજબ નારિયેળને પવિત્ર ફળ માનવામાં આવે છે. તેની કઠોર બહારની સપાટી અને અંદરના શુધ્ધ જળને માનવજીવન સાથે પણ સાંકળવામાં આવે છે. લોકમાન્યતા મુજબ સમુદ્રને શ્રીફળ અર્પણ કરવાથી વરુણદેવ પ્રસન્ન થાય છે અને દરિયો શાંત રહે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ નારિયેળને અહંકારનું પ્રતીક માની તેને સમુદ્રને અર્પણ કરવું એટલે પોતાના અહંકાર અને સ્વાર્થને પ્રકૃતિના ચરણોમાં સમર્પિત કરવાનો સંદેશ માનવામાં આવે છે. ગુજરાતમાં ભાવનગર, વેરાવળ, માંગરોળ, પોરબંદર, ઓખા અને દ્વારકા સહિતના અનેક દરિયાકાંઠાના વિસ્તારોમાં નારિયેળી પૂર્ણિમાની વિશેષ ઉજવણી જોવા મળે છે. ખારવા અને કોળી સમાજ માટે આ પર્વનું આગવું મહત્વ છે. વહેલી સવારે લોકો સ્નાન કરીને નવા વસ્ત્રો ધારણ કરે છે અને શ્રીફળ, ફૂલ, કંકુ, ચોખા તથા પૂજાની અન્ય સામગ્રી સાથે દરિયાકિનારે પહોંચે છે. પરંપરાગત રીતે પુરોહિતો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે વરુણદેવનું આવાહન કરવામાં આવે છે. માછીમારો પોતાની હોડીઓને ફૂલહારથી શણગારે છે અને હોડીની પૂજા કરે છે. તેમના માટે હોડી માત્ર પરિવહનનું સાધન નથી, પરંતુ જીવનનિર્વાહનું મુખ્ય માધ્યમ અને ઘણી વખત ઘર સમાન હોય છે. પૂજા બાદ શ્રીફળ સમુદ્રને અર્પણ કરવામાં આવે છે અને પરિવારના કલ્યાણ તથા દરિયાઈ સફરની સુરક્ષા માટે પ્રાર્થના કરવામાં આવે છે. આ પવિત્ર દિવસે દીવડાં પ્રગટાવી સમુદ્રકિનારે ધાર્મિક વાતાવરણ પણ સર્જાય છે. જોકે પર્યાવરણની દૃષ્ટિએ જળમાં કોઈપણ પ્રકારનો કચરો કે પ્લાસ્ટિક ન છોડાય તેનું ધ્યાન રાખવું પણ એટલું જ જરૂરી છે. પરંપરા સાથે પર્યાવરણ સંરક્ષણનો સંદેશ જોડાય તો નારિયેળી પૂર્ણિમાનો મૂળ ભાવ વધુ અર્થપૂર્ણ બની શકે છે. શ્રાવણ પૂર્ણિમાનું બીજું મહત્વનું પાસું એટલે યજ્ઞોપવિત પરિવર્તન. વૈદિક પરંપરામાં આ દિવસને ઉપાકર્મ સાથે પણ જોડવામાં આવે છે. બ્રાહ્મણ સમાજમાં આ દિવસે જૂનું યજ્ઞોપવિત દૂર કરીને નવી જનોઈ ધારણ કરવાની વિધિ કરવામાં આવે છે. યજ્ઞોપવિત માત્ર એક દોરો નથી, પરંતુ સંસ્કાર, કર્તવ્ય અને જ્ઞાનપ્રાપ્તિની જવાબદારીનું પ્રતીક માનવામાં આવે છે. જનોઈના ત્રણ તારોને વિવિધ પરંપરાઓમાં સત્વ, રજસ અને તમસ જેવા ત્રણ ગુણો અથવા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવા ત્રિદેવ સાથે સાંકળવામાં આવે છે. યજ્ઞોપવિત પરિવર્તનની વિધિનો મૂળ ભાવ આત્મશુધ્ધિ અને નવા સંકલ્પ સાથે જોડાયેલો છે. વર્ષ દરમિયાન થયેલી ભૂલો અને કર્મદોષ અંગે આત્મમંથન કરીને જીવનમાં સારા વિચારો, સદાચાર અને જ્ઞાનનો માર્ગ અપનાવવાનો સંકલ્પ કરવામાં આવે છે. આ પરંપરા વ્યક્તિને માત્ર ધાર્મિક વિધિ પૂરતી સીમિત ન રાખીને પોતાના કર્તવ્ય, સંસ્કાર અને નૈતિક જવાબદારીનું સ્મરણ કરાવે છે. શ્રાવણ પૂર્ણિમાનો સૌથી લોકપ્રિય અને લાગણીસભર પર્વ રક્ષાબંધન છે. આ દિવસે બહેન પોતાના ભાઈના કાંડા પર રાખડી બાંધી તેના દીર્ઘાયુષ્ય, સુખ, સમૃધ્ધિ અને સફળતા માટે પ્રાર્થના કરે છે. ભાઈ પણ બહેનની રક્ષા, સન્માન અને સુખ માટે હંમેશા તેની સાથે રહેવાનો સંકલ્પ વ્યક્ત કરે છે. સમય બદલાયો છે, સંબંધોની વ્યાખ્યા વિસ્તરી છે અને આજે રક્ષાબંધન માત્ર ભાઈ-બહેનના સંબંધ પૂરતું સીમિત રહ્યું નથી. અનેક પરિવારોમાં પ્રેમ, વિશ્વાસ અને પરસ્પર સન્માનના પ્રતીક તરીકે પણ આ તહેવાર ઉજવાય છે. રક્ષાબંધનના પવિત્ર તાંતણામાં માત્ર રક્ષણનું વચન જ નથી, પરંતુ લાગણી, વિશ્વાસ અને જવાબદારીનો સંદેશ પણ સમાયેલો છે. રાખડીનો નાજુક દોરો બે હૃદયોને મજબૂત સંબંધમાં બાંધે છે. બહેનની શુભેચ્છા અને ભાઈનો સંકલ્પ મળીને પરિવારની ભાવનાત્મક એકતાને વધુ મજબૂત બનાવે છે. આ રીતે જોવામાં આવે તો શ્રાવણ પૂર્ણિમા માત્ર એક ધાર્મિક તિથિ નથી. તેમાં ભારતીય જીવનદર્શનના અનેક મહત્વપૂર્ણ પાસાં એકસાથે જોવા મળે છે. દરિયા પૂજન આપણને પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા અને સહઅસ્તિત્વનો પાઠ શીખવે છે. યજ્ઞોપવિત પરિવર્તન જ્ઞાન, સંસ્કાર, આત્મશુધ્ધિ અને કર્તવ્યનું મહત્વ સમજાવે છે. જ્યારે રક્ષાબંધન પ્રેમ, વિશ્વાસ, લાગણી અને રક્ષણના સંબંધોને મજબૂત બનાવે છે. આજના આધુનિક યુગમાં આ પરંપરાઓના મૂળ ભાવને સમજવો વધુ જરૂરી બની ગયો છે. દરિયાનો ઉપયોગ કરતા આપણે તેની સ્વચ્છતા અને સંરક્ષણની જવાબદારી પણ સ્વીકારવી જોઈએ. જ્ઞાનની વાત કરતા જીવનમાં સદાચાર અને જવાબદારીને સ્થાન આપવું જોઈએ અને રક્ષાબંધનની ઉજવણી માત્ર રાખડી બાંધવા પૂરતી નહીં, પરંતુ સંબંધોમાં સન્માન અને વિશ્વાસ જાળવવાના સંકલ્પ સાથે કરવી જોઈએ. ખરા અર્થમાં શ્રાવણ પૂર્ણિમા આપણને ત્રણ મહાન સંદેશ આપે છે "પ્રકૃતિનું સન્માન, જ્ઞાનનું સંવર્ધન અને સંબંધોની જાળવણી." સાગરની ગર્જનામાં વરુણદેવ પ્રત્યેની શ્રધ્ધા, વૈદિક મંત્રોમાં જ્ઞાન અને આત્મશુધ્ધિની ભાવના તથા રાખડીના દોરામાં ભાઈ-બહેનના અખૂટ પ્રેમની અનુભૂતિ થાય છે. આ ત્રણેયનો સંગમ જ ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા છે. શ્રાવણ પૂર્ણિમા એટલે પ્રકૃતિ સાથે જોડાવાનો દિવસ, પોતાના અંતરાત્માને નિહાળવાનો દિવસ અને પોતાના સંબંધોને વધુ મજબૂત બનાવવાનો દિવસ. તેથી આ પવિત્ર તિથિની ઉજવણી માત્ર પરંપરાનું પાલન ન બની રહે, પરંતુ તેના અંતરમાં રહેલા મૂલ્યોને જીવનમાં ઉતારવાનો અવસર બનેએ જ આ પર્વની સાચી સાર્થકતા છે.

**અસીમ સાગર સામે માનવી હંમેશા નત્ મસ્તક રહ્યો છે કારણ કે તેની વિશાળતા પરમ તત્વની યાદ આપે છે તો બીજી બાજુ પરમ તત્વની ઉપાસના કરતા ભૂદેવ જે દિવસે જનોઈ બદલાવે તે દિવસને ભારતીય સંસ્કૃતિએ જબરજસ્ત મહત્વ આપ્યું છે આ દિવસે ભાઈની રક્ષા માટે બહેન રાખડી બાંધે છે આ પરંપરા આપણા માટે સૌથી મોટો ઉત્સવ છે.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૯૩૦ |
| ઘઉં લોકવન | ૪૯૫ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૫૦૫ | ૬૦૬ |
| જુવાર સફેદ | ૧૧૪૦ | ૧૩૧૧ |
| જુવાર લાલ | ૧૧૬૧ | ૧૨૭૨ |
| જુવાર પીળી | ૪૩૧ | ૬૦૦ |
| બાજરી | ૩૪૪ | ૪૭૦ |
| તુવેર | ૧૧૨૫ | ૧૬૫૦ |
| ચણા પીળા | ૧૨૨૫ | ૧૨૪૬ |
| ચણા સફેદ | ૧૨૭૧ | ૧૮૫૧ |
| અડદ | ૧૧૨૫ | ૧૮૪૪ |
| મગ | ૧૦૫૦ | ૧૫૩૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૪૪૨ |
| ચોળી | ૧૦૦૫ | ૧૬૭૫ |
| વટાણા | ૫૮૦ | ૮૧૦ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૧૦૦ |
| મગફળી જાડી | ૧૩૭૦ | ૧૫૪૬ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૧૫ |
| તલી | ૨૦૯૫ | ૨૪૦૩ |
| સુરજમુખી | ૧૩૫૦ | ૧૩૫૦ |
| એરંડા | ૧૩૫૦ | ૧૪૩૧ |
| અજમો | ૧૫૫૧ | ૨૯૦૦ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૨૩૦ |
| સીંગફાડા | ૧૩૮૦ | ૧૭૮૫ |
| કાળા તલ | ૨૨૭૦ | ૩૫૩૫ |
| લસણ | ૧૧૦૧ | ૨૬૦૦ |
| ધાણા | ૨૭૩૦ | ૨૯૯૦ |
| ધાણી | ૨૮૧૦ | ૩૦૮૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૯૨૫ |
| જીરૂ | ૩૫૪૦ | ૩૯૪૦ |
| રાય | ૧૩૨૦ | ૧૮૬૦ |
| મેથી | ૯૫૦ | ૧૯૨૦ |
| કલોંજી | ૩૩૦૦ | ૩૬૦૦ |
| રાયડો | ૧૨૫૦ | ૧૪૯૫ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૯૪૦૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૧૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૭૯૧ | ૧૬૧૪ |
| પપૈયા | ૨૦૭ | ૪૧૪ |
| બટેટા | ૭૯ | ૨૮૮ |
| ડુંગળી સુકી | ૩૪૧ | ૭૯૧ |
| ટમેટા | ૨૦૫ | ૪૧૯ |
| સુરણ | ૭૬૪ | ૯૪૮ |
| કોથમરી | ૧૧૮ | ૨૧૫ |
| મુળા | ૩૧૨ | ૫૧૮ |
| રીંગણા | ૩૮૧ | ૭૨૧ |
| કોબીજ | ૩૧૫ | ૩૮૪ |
| ફ્લાવર | ૩૨૧ | ૫૧૭ |
| ભીંડો | ૬૦૭ | ૮૧૪ |
| ગુવાર | ૧૦૨૬ | ૧૨૩૨ |
| ચોળાસીંગ | ૩૩૫ | ૬૪૫ |
| વાલોળ | ૫૮૬ | ૯૭૨ |
| ટીંડોળા | ૪૧૨ | ૮૨૧ |
| દુધી | ૨૮૨ | ૪૫૯ |
| કારેલા | ૨૨૮ | ૪૩૧ |
| સરગવો | ૬૮૨ | ૧૩૧૮ |
| તુરીયા | ૩૩૨ | ૬૧૬ |
| પરવર | ૭૧૪ | ૯૨૧ |
| કાકડી | ૩૧૯ | ૫૨૨ |
| ગાજર | ૩૨૩ | ૫૧૧ |
| વટાણા | ૧૦૮૪ | ૨૪૨૯ |
| કંટોળા | ૧૬૩૩ | ૨૦૪૧ |
| ગલકા | ૨૦૬ | ૩૧૨ |
| બીટ | ૩૨૧ | ૫૩૨ |
| મેથી | ૨૨૫ | ૪૮૨ |
| વાલ | ૮૪૧ | ૧૨૨૨ |
| ડુંગળી લીલી | ૫૭૧ | ૭૮૪ |
| આદુ | ૧૪૪૫ | ૨૯૮૬ |
| મરચા લીલા | ૪૨૭ | ૬૧૩ |
| મગફળી લીલી | ૫૭૧ | ૭૭૯ |
| મકાઇ લીલી | ૨૪૨ | ૪૩૦ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૫૪૦ |
| મરચા | ૧૮૦ | ૮૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૫૦૦ |
| કોબી | ૧૦૦ | ૫૦૦ |
| દુધી | ૧૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૭૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૮૦૦ |
| ગલકા | ૮૦ | ૩૦૦ |
| ગાજર | ૩૬૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૪૦૦ | ૧૬૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૧૬૦૦ | ૨૪૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૩ | ૬ |
| કોથમીર પુરા | ૮ | ૧૦ |
| મૂળા પુરા | ૫ | ૭ |
| ફોદીનો પુરા | ૭ | ૧૦ |
| કાચા કેળા | ૨૦૦ | ૪૦૦ |
| પચકારુ | ૨૦૦ | ૪૦૦ |
| કંટોલા | ૧૬૦૦ | ૨૦૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૩૦૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૧ | ૬ |
| બીટ પુરા | ૮ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૪૪૦ |
| વાલોર | ૫૦૦ | ૮૦૦ |
| મગફળી લીલી | ૪૮૦ | ૭૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૬૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૧ | ૩ |
| **ધારી** | | |
| કપાસ | ૧૪૭૦ | ૧૮૬૦ |
| ઘઉં | ૫૦૩ | ૫૨૬ |
| મગ | ૧૨૦૧ | ૧૩૯૧ |
| કલોંજી | ૨૫૦૦ | ૨૫૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૪૦ | ૧૭૧૦ |
| ઘઉં લોકવન | ૪૮૩ | ૪૮૩ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૪૭૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| તલ સફેદ | ૧૫૩૦ | ૨૩૬૦ |
| ચણા | ૮૫૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૧૧૧૨ | ૧૧૨૬ |
| ધાણા | ૧૮૦૦ | ૨૫૦૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૮૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૮૭૫ | ૧૯૭૨ |
| જીરૂ | ૩૨૨૦ | ૩૬૭૫ |
| ચણા | ૧૧૪૦ | ૧૨૧૫ |
| ઘઉં | ૪૬૦ | ૫૩૭ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૭૯૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૨૯ |
| ચણા | ૯૫૧ | ૧૦૫૬ |
| તુવેર | ૧૦૦૧ | ૧૫૩૬ |
| શિંગ દાણા | ૧૭૦૧ | ૧૮૨૧ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૩૫૬ |
| ધાણા | ૨૫૦૧ | ૨૮૯૬ |
| સોયાબીન | ૯૫૧ | ૧૦૯૬ |
| **જામનગર** | | |
| બાજરી | ૩૫૦ | ૩૮૦ |
| ઘઉં | ૫૦૭ | ૫૫૧ |
| મગ | ૧૨૦૦ | ૧૨૫૦ |
| અડદ | ૯૦૦ | ૯૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૩૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૭૧ |
| ચણા સફેદ | ૧૨૫૫ | ૧૬૬૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૪૫૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૯૬ |
| તલી | ૧૬૦૦ | ૨૩૨૫ |
| તલ કાળા | ૧૫૭૦ | ૩૪૦૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૪૬૨ |
| રાઈ | ૧૨૦૦ | ૧૬૩૦ |
| લસણ | ૮૦૦ | ૨૩૦૦ |
| કપાસ | ૧૭૫૫ | ૧૮૪૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૧૦ |
| અજમો | ૧૯૬૦ | ૩૧૮૦ |
| અજમાની ભૂસી | ૫૦ | ૨૭૪૦ |
| ધાણા-ધાણી | ૯૧૦ | ૨૬૨૫ |
| ડુંગળી સુકી | ૧૨૫ | ૬૩૦ |
| ડુંગળી નાસિક | ૭૫૫ | ૮૭૫ |
| શીંગ દાણા | ૧૫૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૦૫ |
| વટાણા | ૬૭૫ | ૭૦૦ |
| કલોંજી | ૧૩૨૫ | ૩૫૯૦ |
| **રાજુલા** | | |
| બાજરો | ૪૫૦ | ૪૬૬ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૫૬ |
| જુવાર | ૭૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૯૦૦ | ૯૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |

# શેરબજારમાં ઘટાડો, સેન્સેક્સ ૧૮૩ પોઈન્ટનો ધરખમ ઘટાડો

મુંબઈ,તા.૨૬



૨૬ ઓગસ્ટે ભારતીય શેરબજારમાં ઘટાડો નોંધાયો હતો. દિવસના અંતે સેન્સેક્સ ૧૮૩ પોઈન્ટ ઘટીને ૭૭,૪૭૩ના સ્તરે બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૧૨૭ પોઈન્ટ ઘટીને ૨૪,૨૦૮ના સ્તરે પહોંચ્યો હતો. ખાસ કરીને આઈટી (IT), રિયલ્ટી અને એફએમસીજી (FMCG) ક્ષેત્રના શેરોમાં ભારે વેચવાલી જોવા મળી હતી. બીજી તરફ, અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડ (AESL) માટે સકારાત્મક સમાચાર આવ્યા છે. કંપનીને મહારાષ્ટ્રમાં રૂ. ૪,૭૦૦ કરોડનો મહત્વકાંક્ષી ટ્રાન્સમિશન પ્રોજેક્ટ પ્રાપ્ત થયો છે. કંપનીના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટ ૪,૫૦૦ મેગાવોટ રિન્યુએબલ અને સ્ટોરેજ પાવરના પુરવઠા માટે તૈયાર કરવામાં આવશે. કંપનીએ ટેરિફ બેઝ્ડ કમ્પિટિટિવ બિડિંગ (TBCB) પ્રક્રિયામાં સૌથી ઓછી બોલી (L1) લગાવીને આ સફળતા મેળવી છે.


# રેકોર્ડબ્રેક સ્તરે પહોંચેલા ખાંડના ભાવમાં ઘટાડો નોંધાયો

મુંબઈ,તા.૨૬




ખાંડના ભાવમાં છેલ્લા અઠવાડિયે રેકોર્ડ સ્તરે પહોંચ્યા બાદ હવે ૧૮ ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે. મિલ સ્તરે ખાંડના ભાવ એટલે કે એક્સ-મિલ રેટ રૂ.૧૨ ઘટીને ૫૫ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા છે. સરકારનું માનવું છે કે આગામી દિવસોમાં ભાવમાં વધુ ઘટાડો થઈ શકે છે.ફૂડ સેક્રેટરી સંજીવ ચોપરાએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા ખાંડની આયાતને મંજૂરી આપવામાં આવી છે તેમજ સંગ્રહખોરી સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે, જેના કારણે ભાવમાં ઘટાડો થયો છે. તેમણે કહ્યું કે દેશમાં ખાંડની કોઈ અછત નથી, પરંતુ કેટલીક મિલોએ કારણ વગર ભાવ વધાર્યા હતા. આ વર્ષે દેશમાં ૩૦૬ લાખ ટન ખાંડનું ઉત્પાદન થવાનો અંદાજ છે, જ્યારે વાર્ષિક ઘરેલું માગ ૨૮૦થી ૨૮૫ લાખ ટન જેટલી છે. તેથી દેશ પાસે જરૂરિયાત કરતાં વધુ ખાંડનો સ્ટોક ઉપલબ્ધ છે.

# શબ્દ સંજોગ-૨૨૫૫



**આડી ચાવી :**
(૧) ગરમી માપવાનો એકમ (૨)
(૩) ત્રણ કલાક, પહોર (૩)
(૬) સામો અવાજ, પ્રતિઘોષ (૩) (૨)
(૮) રૂપાનુ (૩)
(૧૦) બિલાડો (૩)
(૧૧) ગળુ, કોટ (૨)
(૧૩) એક જ નામથી ઓળખાતો લોકસમૂહ (૨)
(૧૪) ખેતરમાં ઉગેલુ નકામુ ઘાસ (૨)
(૧૬) આનંદ, લહેર (૨)
(૧૮) એક ફળ (૩)
(૨૧) એક નદી (૩)
(૨૩) ગાડું (૩)
(૨૫) શિક્ષા, દંડ (૨)
(૨૭) એક ચોપગુ હીંસક પ્રાણી (૨)
(૨૮) સુંવાળુ, મુલાયમ (૩)
(૩૦) નિવાસર્થાન,ઘર (આ-અ) (૩)
(૩૧) એક શાક (૩)
(૩૨) લડાઈ (૩)

**ઉભી ચાવી :**
(૧) સૂર્ય (૪)
(૨) જમીનની આજુબાજુ કાંટાથી કરેલી આડ (૨)
(૪) શંકર, મહાદેવ (૨)
(૫) મેંથીની જાતનુ એક ઘાસ-ઢોરનું ખાણ (૩)
(૬) પરખવુ તે, પરીક્ષા (૩)
(૭) અશ્વ (૨)
(૯) અંધારુ (૩)
(૧૨) સોગન (આ-અ) (૩)
(૧૫) એક વાદ્ય (૨)
(૧૭) શરીર, દેહ (૨)
(૧૯) ચાળીસ સેરનુ તોલ(અ) (૨)
(૨૦) કણસલાને ભૂજીને કાઢેલા કણ (૨)
(૨૧) વાવંટોળ (૪)
(૨૨) રસાયણી પ્રયોગકામમાં વપરાતી કાચની નળી (૪)
(૨૩) આરંભ, પહેલ (૪)
(૨૪) ટકા પ્રમાણે ગણતરી (૪)
(૨૬) એક અનાજ (૨)
(૨૯) મેલ, કચરો (૨)

# શબ્દ સંજોગ-૨૨૫૪ જવાબ

**આડી ચાવી** : (૧) જોગમાયા (૪) ઘામચ (૬) હુત (૭) દબાણ (૯) ક્ષુધા (૧૧) માવઠું (૧૩) મીમાંસા (૧૫) ધમાલિયુ (૧૭) અન્યોન્ય (૧૯) ત્રેવડ (૨૧) સટીક (૨૩) વરાંગ (૨૬) વરધ (૨૭) કાષ્ઠ (૨૮) લોકમાન્ય (૨૯) ણવેલ(વેલણ).**ઉભી ચાવી** : (૧) જોહુકમી (૨) ગત (૩) યાદવ (૪) ઘાણ (૫) ચક્ષુ (૮) બાઠું (૧૦) ધારિયુ (૧૧) માસા (૧૨) મામા (૧૪) માંડવ (૧૫) ધન્ય (૧૬) લિસોટી (૧૮) ન્યોછાવર (૧૯) ત્રેતા (૨૦) ડફ (૨૧) સગ (૨૨) કર્મિષ્ઠ (૨૪) રાંધણ (૨૫) છક (૨૬) વન્ય (૨૭) કાલ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી સતત બીજા વર્ષે રાજ્યમાં પ્રથમ

અમરેલી,તા.૨૬

સમગ્ર ગુજરાતની ૬,૭૭૯થી વધુ શરાફી સહકારી મંડળીઓમાં નફાકારકતા અને શ્રેષ્ઠ કામગીરીને ધ્યાને લઈ સહકાર ભારતી ગુજરાત દ્વારા આપવામાં આવતા પુરસ્કારોમાં બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીએ સતત બીજા વર્ષે રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. વડોદરા ખાતે ધી બરોડા ડિસ્ટ્રિક્ટ ક્રેડિટ સોસાયટી ફેડરેશન લિમિટેડનાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે યોજાયેલા રજત જયંતિ



તસવીર : હાર્દિક બામટા

મહોત્સવ દરમિયાન મંડળીને શ્રેષ્ઠ કામગીરી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી હતી. કર્ણાટક રાજ્ય સહકારી ધિરાણ મંડળી મહાસંઘના અધ્યક્ષ એસ. ચંદ્રશેખરના હસ્તે મંડળીના અધ્યક્ષ રશ્વીનભાઈ ડોડીયાને આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

મંડળીની આર્થિક વિશ્વસનીયતા તથા સામાજિક ક્ષેત્રે આપેલા પ્રદાનને ધ્યાનમાં લઈ આ સન્માન આપવામાં આવ્યું હતું. સમારોહમાં ગુજરાત રાજ્ય સહકારી ધિરાણ મંડળી મહાસંઘના અધ્યક્ષ ઘનશ્યામભાઈ અમીન, વડોદરા મહાનગરપાલિકાના મેયર ગીતાબેન મકવાણા, ડભોઈના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા સહિત વિવિધ રાજ્યોના સહકારી આગેવાનો તથા ૫૩૪ સહકારી સંસ્થાઓના અધ્યક્ષો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રશ્વીનભાઈ ડોડીઆએ શરાફી સહકારી મંડળીઓને નડતા વિવિધ અવરોધો અંગે રજૂઆત કરી હતી.

સમગ્ર આયોજન અધ્યક્ષ આર. એમ. પટેલ અને મંત્રી ગોવિંદ દહીવલકરે કર્યું હતું. મંડળીની વડોદરા શાખાના સંચાલક દિલીપભાઈ નેપાળી, નિયામક અનુરાગભાઈ શર્મા, હિંમતભાઈ પટેલ સહિત શાખા સલાહકાર મંડળના સભ્યો, કર્મચારીઓ અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# કારમાં ચોરખાનું બનાવી દારૂની હેરાફેરી કરનાર શખ્સ ઝડપાયો

ઉના,તા.૨૬

નવાબંદર મરીન પોલીસે તડ ચેક પોસ્ટ ખાતે વાહન ચેકિંગ દરમિયાન ફોર-વ્હીલમાં બનાવેલા ચોરખાનામાંથી ૪૦ બોટલ ભારતીય બનાવટના વિદેશી દારૂ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ મારૂતિ ફ્રન્ટી કાર




નં. GJ-૨૩-A-૭૫૨૮માં ડેકી તથા દરવાજાના ભાગે ચોરખાનું બનાવવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન રૂ.૧૦,૯૨૪નો દારૂ અને રૂ.૨૫,૦૦૦ની કાર મળી કુલ રૂ.૩૫,૯૨૪નો મુદ્દામાલ કબજે કરાયો હતો. પોલીસે જૂનાગઢના ભનજીભાઈ રાવલીયાની ધરપકડ કરી પ્રોહિબિશનનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

**નવાબંદર પોલીસે ૪૦ બોટલ વિદેશી દારૂ સાથે રૂ.૩૫,૯૨૪નો મુદ્દામાલ કબજે કર્યો**

# ઉનાના નાના સમઢિયાળામાં કૂવામાં પડેલા સિંહનું સુરક્ષિત રેસ્ક્યૂ કરાયું

ઉના,તા.૨૬



ઉના તાલુકાના નાના સમઢિયાળા ગામે ખુલ્લા કૂવામાં ૨થી ૩ વર્ષનો સિંહ પડી ગયો હતો. જાણ થતાં ગીર પૂર્વ વન વિભાગની જસાધાર તથા તુલસીશ્યામ રેન્જનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. સ્થાનિકોના સહયોગથી સાવચેતીપૂર્વક રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી સિંહને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યો હતો. ત્યારબાદ સિંહને જરૂરી તપાસ અને સારવાર માટે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો.

# ગજેરા કેમ્પસના ખેલાડીઓએ હેન્ડબોલ સબજુનિયર-૨૦૨૬માં કાંસ્ય પદક મેળવ્યું

અમરેલી,તા.૨૬

અમરેલી ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના DLSS ખેલાડીઓએ અમદાવાદ ખાતે યોજાયેલી હેન્ડબોલ સબજુનિયર-૨૦૨૬ની રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી કાંસ્ય પદક મેળવ્યું હતું. ટીમે પ્રારંભિક રાઉન્ડથી જ શાનદાર રમત દર્શાવી હતી. વિજેતા ટીમમાં સૂર્યદીપ વાઘેલા, ઓમ ગજેરા, નવીન ચૌહાણ, કરણ ખૂંટી,



દિવ્યેશ હુંબલ, અભય પરમાર, મનદીપ ગોહિલ, સિધ્ધરાજ જાળું, પ્રિન્સ ચૌહાણ, ચતુર ચારોલીયા, નીખીલ સાગઠીયા, નરેશ દુદવે, યશ ઝાપડિયા, ધવલ બાંભણીયા, રાહુલ વાઘેલા અને રાજવીર ઢીલા સહિતના ખેલાડીઓનો સમાવેશ થાય છે. આ સિધ્ધિ પાછળ સ્પોર્ટ્સ સ્કૂલના નિયમિત પ્રશિક્ષણ અને કોચના માર્ગદર્શનનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તથા કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓ અને કોચ રવિભાઈ નાવડિયા, ટ્રેનર કમલેશભાઈ ભાલીયા તથા ભૂમિબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા.

# તોરણીયાથી નાની પરબડી જતાં શ્વાન આડું ઉતરતાં અકસ્માતમાં બે ઘાયલ

ધોરાજી, તા. ૨૬

ધોરાજી તાલુકાના તોરણીયા ગામેથી નાની પરબડી તરફ મોટરસાયકલ પર હોસ્પિટલના કામ અર્થે જઈ રહેલા બાવનજીભાઈ ઢાકેચા અને કાંતાબેન ઢાકેચાને અકસ્માત નડ્યો હતો. રસ્તામાં અચાનક શ્વાન આડું ઉતરતાં મોટરસાયકલ તેની સાથે અથડાઈ હતી. જેના કારણે બંને વૃધ્ધ દંપતી રસ્તા પર પટકાતા ગંભીર ઈજાગ્રસ્ત થયા



હતા. ઈજાગ્રસ્ત બંનેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ધોરાજી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે જુનાગઢ રીફર કરવામાં આવ્યા હતા.

# કોડીનારની સોમનાથ આર્ટ્સ કોલેજની મહિલા કબ્બડ્ડી ટીમ સતત ચોથા વર્ષે ચેમ્પિયન

**જુનાગઢમાં યુનિવર્સિટીની આંતર-કોલેજ સ્પર્ધામાં ભવ્ય વિજય**

કોડીનાર,તા.૨૬

જુનાગઢમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર-કોલેજ કબ્બડ્ડી (મહિલા) સ્પર્ધાનું આયોજન બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૬


તસવીર : કુલદીપ પાઠક

કોલેજોની ટીમોએ ભાગ લીધો હતો. બહાઉદ્દીન આર્ટ્સ કોલેજ અને કોડિનારની સોમનાથ આર્ટ્સ કોલેજ ટીમ ફાઈનલમાં પહોંચી હતી. ફાઈનલ મેચમાં સોમનાથ આર્ટ્સ કોલેજની ટીમે ભવ્ય વિજય મેળવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સોમનાથ આર્ટ્સ કોલેજની ટીમે સતત ચોથા વર્ષે આ સ્પર્ધામાં વિજેતા બનીને સોમનાથ સાયન્સ એકેડમીનું ગૌરવ વધાર્યું છે. આ સ્પર્ધા દરમિયાન ટીમ મેનેજર જયદીપભાઈ મોરી તથા ભરતભાઈ ગોહિલ દ્વારા ખેલાડી બહેનોને યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. આ તકે સંસ્થાના પ્રમુખ કરસનભાઈ સોલંકી તેમજ સમગ્ર સ્ટાફગણ દ્વારા વિજેતા બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલીમાં પ્રતાપ પંડ્યાની પુણ્યતિથિએ યુવા કવિઓ માટે ગઝલ-કાવ્ય શિબિર યોજાઈ

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર દ્વારા મનીષાબેન પંડ્યાના પ્રાયોજનથી હૃદયસ્થ ડૉ. પ્રતાપભાઈ પંડ્યાની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે ગુજરાતી ભાષાના વિદ્યાર્થીઓ અને નવયુવા કવિઓ માટે એક દિવસીય ગઝલ-કાવ્ય શિબિર યોજાઈ હતી. તા. ૨૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ યોજાયેલી શિબિરમાં સુપ્રસિધ્ધ



કવિ ડૉ. રઈશ મનીઆરે ગઝલના સ્વરૂપ, છંદશાસ્ત્ર, લેખન, પઠન અને કાવ્યત્વ અંગે તબક્કાવાર માર્ગદર્શન આપ્યું હતું. પ્રારંભે કેતન જોષીએ સ્વાગત અને પ્રાસંગિક ભૂમિકા રજૂ કરી હતી. દીપ પ્રાગટ્યથી શિબિરનો પ્રારંભ થયો હતો. ટ્રસ્ટી ઉમેશભાઈ જોષીએ ડૉ. પ્રતાપભાઈ પંડ્યાના શિક્ષણ અને સાહિત્ય પ્રત્યેના સમર્પણને યાદ કરી સૌને શુભેચ્છા પાઠવી હતી.

શિબિરમાં કોલેજના વિદ્યાર્થીઓ, નવયુવા કવિઓ અને પ્રાધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર આયોજનમાં વિમલભાઈ મહેતા, પરેશ મહેતા, કેતન જોષી, પ્રયાગ મહેતા સહિત મિત્રમંડળે સહયોગ આપ્યો હતો.

# શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળીની ૧૬મી વાર્ષિક સાધારણ સભા અને મેંદરડા શાખાનું ઉદ્ઘાટન

મેંદરડા,તા.૨૬

મેંદરડા ખાતે 'શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લી.'ની ૧૬મી વાર્ષિક સાધારણ સભા અને ૧૧મી નવીન શાખાનો ઉદ્ઘાટન સમારોહ સરદાર પટેલ પાર્ટી પ્લોટ ખાતે ભવ્ય રીતે સંપન્ન થયો. કાર્યક્રમના અધ્યક્ષ અને રાજ્યના કાયદા મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું કે, "સહકાર એ સુખ-દુઃખમાં સાથે ચાલવાની ભાવના છે, જેનાથી રાષ્ટ્ર







સમૃધ્ધ બને છે." તેમણે ચેરમેન અનિલભાઈ વેકરિયાના નેતૃત્વ અને પારદર્શક વહીવટની સરાહના કરી. આ પ્રસંગે જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના પૂજ્ય પી.પી. સ્વામી, કુંજવિહારી સ્વામી તેમજ ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી, અતુલભાઈ કાનાણી અને કિરીટભાઈ પટેલ સહિતના રાજકીય-સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ અનિલભાઈ વેકરીયા, દિવ્યેશભાઈ વેકરીયા અને હોદ્દેદારોએ તમામ અતિથિઓ અને સભાસદોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ૧૪ વર્ષની સગીર દીકરી સામે આંખના ઈશારા કરનાર યુવકને ૧૮૧ અભયમ્ ટીમે કાયદાનું ભાન કરાવ્યું

**યુવકે પોતાની ભૂલ સ્વીકારી ગામના વડીલોની હાજરીમાં દીકરીની માફી માંગી**

સુત્રાપાડા, તા. ૨૬

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં ૧૪ વર્ષની સગીર દીકરી સામે આંખથી ખરાબ ઈશારા કરવાના બનાવમાં ૧૮૧ અભયમ્ ટીમે યુવકને કાયદાનું ભાન કરાવી સ્થળ પર જ મામલો થાળે પાડ્યો હતો. દીકરીના પિતાએ ૧૮૧માં ફોન કરી જણાવ્યું હતું કે, તેમની દીકરી ઘરે આવતી હતી ત્યારે ગામના એક યુવકે તેની સામે આંખથી ખરાબ ઈશારો કર્યો હતો. કોલ મળતાં કાઉન્સેલર મનિષા ધોળિયા, કોન્સ્ટેબલ સોનલબેન ખાણિયા અને પાયલોટ ભગાભાઈ તાત્કાલિક સ્થળે પહોંચ્યા હતા. ટીમે સગીર દીકરીને સાંત્વના આપી કાઉન્સેલિંગ કર્યું હતું. ત્યારબાદ યુવકને મહિલાઓ અને દીકરીઓની સુરક્ષા તથા કાયદાકીય જોગવાઈઓ અંગે સમજ આપવામાં આવી હતી. યુવકે પોતાની ભૂલ સ્વીકારી ગામના વડીલોની હાજરીમાં દીકરીની માફી માંગી હતી અને ભવિષ્યમાં આવી હરકત નહીં કરવાની ખાતરી આપી હતી.

# કોડીનારમાં સંસ્કૃત ભાષાના પ્રચાર અંગે ભવ્ય સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઈ

કોડીનાર,તા.૨૬

કોડીનાર શહેરમાં તા. ૨૫ ઓગસ્ટે સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને તેના મહત્વ અંગે જાગૃતિ લાવવાના હેતુથી ભવ્ય સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઈ હતી. રાજદીપ સ્કૂલ ખાતેથી ડીજે અને સ્કૂલ બેન્ડના



તસવીર : ધર્મેશ પાઠક

તાલ સાથે યાત્રાનો પ્રારંભ થયો હતો. યાત્રામાં વિવિધ શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. વિદ્યાર્થીઓએ સંસ્કૃત સંસ્કૃતિને ઉજાગર કરતી વિવિધ વેશભૂષા ધારણ કરી હતી. યાત્રાનું સમાપન એસ.કે.એમ. સ્કૂલ ખાતે વિશેષ કાર્યક્રમ સાથે થયું હતું. આ પ્રસંગે મામલતદાર ભાસ્કર, શહેર ભાજપ પ્રમુખ અજય પરમાર, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી દિલીપ વાળા, એ.ઈ.આઈ. જીતુ ડોડીયા સહિત આચાર્યો, શિક્ષકો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**CHANGE OF NAME**

I Undersigh I TRVADI FATEMABEN ASHIFBHAI have changed my name from TRAVADI FATEMABEN ASIF To TRVADI FATEMABEN ASHIFBHAI (New) Now i will be known as TRVADI FATEMABEN ASHIFBHAI (new)
Sigh: TRVADI FATEMABEN ASHIFBHAI
Address: HARI ROAD NEW VOHRAVAD, AT-AMRELI-365601 GUJARAT INDIA

તહેવારોની મિઠાશ તો બસ અવધ ડેરી ફાર્મ સાથે...
રક્ષાબંધન નિમિત્તે... અમારે ત્યાં મળશે એકદમ તાજુ અને સ્વાદિષ્ટ
ક્રીમ મફો • પાઇનેપલ મફો
અમરેલીમાં પહેલીવાર ૫ કરતાં વધુ વેરાયટીમાં...
કાજુકત્રી
સેન્ડવીસ કત્રી
રોઝ કાજુકત્રી
ચોકલેટ કાજુકત્રી
અવનવા પેંડા ૧૦ થી વધુ વેરાયટીમાં જેમકે..
શિહોરી પેંડા - થાબડી પેંડા - કેસર પેંડા
ચોકલેટ પેંડા - માવાના પેંડા - મલાઈ પુરી પેંડા
કેસર મલાઈપુરી - નાની સાઈઝના પેંડા
અને અમરેલી પ્રખ્યાત.. ૧૦ થી વધુ વેરાયટી પ્રખ્યાત શ્રીખંડ તો ખરા જ...
avadh DAIRY FARM
અવધ ડેરી ફાર્મ
દિનેશ હિરપરા મો. ૯૯૦૪૬ ૨૨૩૬૬ અમરેલી.
અમરેલી ઓફિસ : ૨૬/૨, સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિર સામે, ક્રિષ્ના પેટ્રોલપંપની બાજુમાં, અમરેલી. Mo.95129 35202
ફેક્ટરી: ઓમ ઈન્ડસ્ટ્રીઝ - પ્લોટ નં.૨, કેરીયા રોડ બાયપાસ, કૈલાશ મુક્તિધામની બાજુમાં, અમરેલી.

# તેલંગાણામાં બસ કન્ટેનર સાથે અથડાતા ૬નાં મોત, ૨૦ મુસાફરો ગંભીર રીતે ઘાયલ




હૈદરાબાદ, તા.૨૬

તેલંગાણાના સૂર્યપેટ જિલ્લાના કોડાદ મંડલના દોરાકુંટા વિસ્તાર નજીક બુધવારે વહેલી સવારે ખાનગી ટ્રાવેલ બસ કન્ટેનર સાથે અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં પાંચ મહિલાઓ અને એક પુરુષ સહિત છ મુસાફરોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ૨૦ મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પ્રાથમિક માહિતી મુજબ, હૈદરાબાદથી વિજયવાડા જઈ રહેલી બસમાં કુલ ૪૩ મુસાફરો સવાર હતા. કન્ટેનર સાથેની ટક્કર એટલી જોરદાર હતી કે બસનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થયો હતો અને કેટલાક મુસાફરો અંદર ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ અને બચાવ ટીમો તાત્કાલિક સ્થળે પહોંચી હતી. ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. તેમણે મુખ્ય સચિવને ઘાયલોને શ્રેષ્ઠ સારવાર મળે તે સુનિશ્ચિત કરવા અને તેમની સ્થિતિ પર સતત નજર રાખવા સૂચના આપી છે. પોલીસે કેસ નોંધી અકસ્માતના કારણ અંગે તપાસ શરૂ કરી છે.

# વંદે માતરમ મુદ્દે ભાજપે હિમાચલના મુખ્યમંત્રી સુખુ સામે વિશેષાધિકાર પ્રસ્તાવની નોટિસ આપી



શિમલા, તા.૨૬

હિમાચલ પ્રદેશ વિધાનસભાના ચોમાસુ સત્રમાં 'વંદે માતરમ' મુદ્દે સર્જાયેલો વિવાદ હવે વિશેષાધિકાર પ્રસ્તાવ સુધી પહોંચ્યો છે. વિપક્ષે મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ સામે વિધાનસભા અધ્યક્ષ કુલદીપ સિંહ પઠાનિયાને વિશેષાધિકાર પ્રસ્તાવની નોટિસ આપી છે. વિપક્ષના નેતા જયરામ ઠાકુરે મુખ્યમંત્રીના નિવેદન સામે વાંધો ઉઠાવી જાહેર માફીની માંગ કરી છે.

દરમિયાન, ગૃહમાં આઉટસોર્સ કર્મચારીઓ અને સરકારી ભરતી અંગે પણ ચર્ચા થઈ હતી. મુખ્યમંત્રી સુખુએ જણાવ્યું કે હવે સ્ટાફ નર્સોની ભરતી આઉટસોર્સિંગથી નહીં, પરંતુ રાજ્ય પસંદગી આયોગની પરીક્ષા દ્વારા કરવામાં આવશે. ભરતી પ્રક્રિયામાં વ્યક્તિગત ઈન્ટરવ્યૂને બદલે મેરિટને પ્રાધાન્ય આપવામાં આવશે.

મુખ્યમંત્રીએ અગાઉની ભાજપ સરકારના કાર્યકાળ દરમિયાન પોલીસ ભરતીમાં પેપર લીક થયાનો પણ આક્ષેપ કર્યો હતો. ભાજપે જોકે વંદે માતરમ મુદ્દે પોતાના ધારાસભ્યો સામેના આરોપોને નકારી કાઢ્યા છે.

# સપા સત્તામાં આવશે તો મહિલાઓને રૂ. ૪૦ હજારનું વાર્ષિક પેન્શન અપાશે

લખનૌ, તા.૨૬

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી પહેલાં સમાજવાદી પાર્ટીએ 'સ્ત્રી સન્માન સમૃદ્ધિ યોજના'ની જાહેરાત કરી છે. સપા પ્રમુખ અખિલેશ યાદવે કહ્યું કે તેમની સરકાર બનશે તો પુખ્ત મહિલાઓને વાર્ષિક રૂ. ૪૦ હજાર પેન્શન આપવામાં આવશે અને તેમાં દર વર્ષે વધારો કરાશે. મહિલાઓ માટે સમર્પિત એમ્બ્યુલન્સ સેવા પણ શરૂ કરાશે. અખિલેશે જણાવ્યું કે ઈન્ટરમીડિયેટ પાસ કરનારી વિદ્યાર્થીનીઓને લેપટોપ આપવામાં આવશે. વૃધ્ધો માટે મફત બસ મુસાફરી અને શાળા-કોલેજ તથા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે મફત મેટ્રો કાર્ડ આપવાની પણ તૈયારી છે. તેમણે કહ્યું કે બંધ પડેલી ૨૬ હજાર પ્રાથમિક શાળાઓ ફરી શરૂ કરવામાં આવશે. અખિલેશે ભાજપ સરકાર પર મહિલાઓને માત્ર ચૂંટણીના સૂત્ર તરીકે ઉપયોગ કરવાનો આરોપ લગાવી મહિલા અનામત લાગુ કરવાની માંગ કરી હતી.

# ધારાસભ્ય કૌશિક વેકરિયાના પ્રયાસોથી ચોકી, ખાખરીયા રોડના રીસરફેસિંગ માટે રૂ. ૧૦ કરોડ મંજૂર



અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લામાં માર્ગ અને માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત કરવાના અભિગમ સાથે અમરેલી તથા કુંકાવાવ-વડિયા વિસ્તારના ધારાસભ્ય અને રાજ્ય સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરિયા દ્વારા સતત રજૂઆતો કરવામાં આવી હતી. આ ભગીરથ પ્રયાસોના પરિણામે રાજ્ય ધોરીમાર્ગ પૈકીના ચોકી,ખાખરીયા રોડના કીમી ૨૬/૦૦ થી ૩૮/૦૦ સુધીના માર્ગના રીસરફેસિંગ કામગીરી માટે રૂ.૧૦.૦૦ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.


આ ચોકી,ખાખરીયા માર્ગ કુંકાવાવ તાલુકાને વડિયા તથા જેતપુર તાલુકા સાથે જોડતો અત્યંત મહત્વપૂર્ણ રસ્તો છે. આ રીસરફેસિંગ કામગીરી પૂર્ણ થવાથી કુંકાવાવ-વડિયા, મોટા ઉજળા, અનિડા, સૂર્યાપ્રતાપગઢ અને ખાખરીયા સહિતના અનેક ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને વાહનવ્યવહાર અને અવરજવરમાં નોંધપાત્ર સુવિધા મળશે. મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, અમરેલીના સર્વાંગી વિકાસ માટે ગુણવત્તાસભર રસ્તા અને મજબૂત કનેક્ટિવિટી અનિવાર્ય છે. નાગરિકોને ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ રહેશે. આ તકે તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# શું ન્યાયતંત્ર નવી ચૂંટણીનો આદેશ આપી શકે? સુપ્રીમ કોર્ટે ટીએમસીની અરજી પર સવાલ ઉઠાવ્યો

કોલકાતા, તા.૨૬

પશ્ચિમ બંગાળમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ સવાલો ઉઠાવ્યા છે. કોર્ટે પૂછ્યું કે જો મતદાર યાદીમાંથી દૂર કરાયેલા મતદારોની સંખ્યા જીતના માર્જિન કરતાં વધુ હોય તો શું ન્યાયતંત્ર નવી ચૂંટણીનો આદેશ આપી શકે? ટીએમસી વતી વરિષ્ઠ વકીલ કલ્યાણ બંદોપાધ્યાયે ૩૧ વિધાનસભા બેઠકોનો ઉલ્લેખ કર્યો હતો. બેન્ચે પૂછ્યું કે આ બેઠકોના પરિણામોને પડકારતી ચૂંટણી અરજીઓ દાખલ થઈ છે કે નહીં. વકીલે કેટલીક બેઠકો પર અરજીઓ દાખલ થઈ હોવાનું જણાવ્યું હતું. ન્યાયમૂર્તિ જાયમલ્યા બાગચીએ કહ્યું કે કેટલા દૂર કરાયેલા મતદારોએ અપીલ કરી છે તે જાણવું જરૂરી છે. જો દૂર કરાયેલા મતદારોમાંથી મોટી સંખ્યામાં લોકોની અપીલો પેન્ડિંગ હોય, તો સમગ્ર પ્રક્રિયાને પડકારવાનો મુદ્દો ગંભીર બની શકે છે.

# નેપાળમાં પૂરને પગલે બિહારમાં ચેતવણી, ગંડક નદીમાં અચાનક પૂરનો ભય વધ્યો



પટણા, તા.૨૬

નેપાળમાં ગંડક નદીના ઉપરવાસમાં આવેલા પૂર બાદ બિહારમાં પણ પૂરનું જોખમ વધ્યું છે. ગંડક નદીમાં પાણીના પ્રવાહમાં અચાનક વધારો થવાની શક્યતા વચ્ચે રાજ્યમાં ચેતવણી જારી કરવામાં આવી છે. નદીમાં ત્રણ મીટર સુધી ઊંચા મોજા ઉછળવાની સંભાવના છે. મુખ્ય સચિવ પ્રત્યય અમૃતની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. પશ્ચિમ ચંપારણ, પૂર્વ ચંપારણ, ગોપાલગંજ, સારણ, મુઝફ્ફરપુર અને વૈશાલી સહિતના જિલ્લાઓને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. જિલ્લા તંત્રને નદીના જળસ્તર, પાળા અને નીચાણવાળા વિસ્તારોનું સતત નિરીક્ષણ કરવા જણાવાયું છે. દ્વઙઈઃ અને SDRFની ટીમોને તૈયાર રાખવામાં આવી છે. ગોપાલગંજ, મુઝફ્ફરપુર અને બેતિયામાં બચાવ ટીમોની વ્યવસ્થા કરાઈ છે. સંભવિત અસરગ્રસ્ત લોકો માટે બોટ, આશ્રયસ્થળો અને સામુદાયિક રસોડાંની વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવી છે. સરકારે લોકોને અફવાઓથી દૂર રહેવા અપીલ કરી છે.

# પંજાબમાં ડ્રગ્સ મુદ્દાથી બૂથ સંગઠન સુધી ભાજપે ૨૦૨૭ની ચૂંટણી માટે રોડમેપ તૈયાર કર્યો



ચંડીગઢ, તા.૨૬

પંજાબમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપે સંગઠનાત્મક અને ચૂંટણી તૈયારીઓ તેજ કરી છે. પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ બીએલ સંતોષની બે દિવસીય મુલાકાત દરમિયાન બૂથ સ્તરે સંગઠન મજબૂત બનાવવા પર ભાર મૂકાયો હતો. ભાજપે સપ્ટેમ્બરમાં રાજ્યની તમામ ૧૧૭ વિધાનસભા બેઠકોમાં ડ્રગ્સ વિરોધી કૂચ યોજવાનો નિર્ણય લીધો છે. આ કાર્યક્રમોમાં ભાજપના વરિષ્ઠ નેતાઓ ભાગ લઈ શકે છે. પંજાબમાં ડ્રગ્સના દુરુપયોગને મુખ્ય ચૂંટણી મુદ્દો બનાવવાની ભાજપની વ્યૂહરચના છે.

પાર્ટી શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં મતદારોને જોડીને ડ્રગ્સ સામે કડક કાર્યવાહીની માંગને આગળ ધપાવશે. પંજાબમાં આશરે ૨૫ હજાર બૂથ છે, જેમાંથી લગભગ ૧૫ હજાર બૂથ પર સમિતિઓની રચના થઈ ચૂકી છે. બાકીના આશરે ૧૦ હજાર બૂથની સમિતિઓ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં બનાવવાનો લક્ષ્યાંક છે.

# હિમાચલમાં વહેલી સવારે ૪.૦ની તીવ્રતાનો ભૂકંપ આવતા લોકો રસ્તા પર ભાગ્યા




શિમલા, તા.૨૬

હિમાચલ પ્રદેશમાં બુધવારે વહેલી સવારે ૫:૪૬ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૦ નોંધાઈ હતી અને આશરે ત્રણ સેકન્ડ સુધી ધરતી ધ્રૂજી હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર શિમલાથી આશરે ૬૬ કિમી દૂર અને જમીનથી ૧૦ કિમી ઊંડાઈએ હતું. શિમલા ઉપરાંત સોલન, સિરમૌર, બિલાસપુર અને મંડીમાં પણ આંચકા અનુભવાયા હતા. જોકે, જાનહાનિ કે નુકસાનના કોઈ અહેવાલ નથી. ગભરાયેલા કેટલાક લોકો ઘરની બહાર નીકળી ગયા હતા.

# યોગી કેબિનેટનો નિર્ણય, ૨૫ લાખ યુવાનોને મફત ટેબ્લેટ મળશે

લખનૌ, તા.૨૬

ઉત્તર પ્રદેશ સરકારે 'સ્વામી વિવેકાનંદ યુવા સશક્તિકરણ યોજના' હેઠળ ૨૫ લાખ યુવાનોને મફત ટેબ્લેટ આપવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં ૨૦૨૬-૨૭ માટે ૨,૩૭૪.૬૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવાની સાથે ટેબ્લેટ ખરીદવાની મંજૂરી આપવામાં આવી છે. યોજનાનો લાભ સ્નાતક, અનુસ્નાતક, ડિપ્લોમા, કૌશલ્ય વિકાસ અને અન્ય તાલીમ અભ્યાસક્રમોમાં નોંધાયેલા પાત્ર યુવાનોને મળશે. વિદ્યાર્થીઓને અલગથી અરજી કરવાની જરૂર નહીં પડે અને તેઓ જે સંસ્થામાં અભ્યાસ કરે છે ત્યાંથી ટેબ્લેટ મળશે. નાણા અને સંસદીય બાબતોના મંત્રી સુરેશ કુમાર ખન્નાએ જણાવ્યું કે ડિજિટલ સંસાધનોની સરળ ઉપલબ્ધતાથી શિક્ષણ અને તાલીમની ગુણવત્તામાં સુધારો થશે તથા યુવાનોની રોજગારક્ષમતા વધશે.

# બર્ફાની બાબાના ભક્તો માટે સાત રોપવે પ્રોજેક્ટ કરાયો મંજૂર



જમ્મુ, તા.૨૬

કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરમાં પર્વતમાલા પ્રોજેક્ટ હેઠળ સાત મહત્વના રોપવે પ્રોજેક્ટને મંજૂરી આપી છે. તેમાં બાલતાલથી શ્રી અમરનાથ ગુફા અને પહેલગામથી ચંદનવારી સહિતના રોપવેનો સમાવેશ થાય છે. નેશનલ હાઈવે લોજિસ્ટિક્સ મેનેજમેન્ટ લિમિટેડ દ્વારા ડીપીઆર તૈયાર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ અમરનાથ યાત્રા વધુ સરળ બનશે. સાથે જ સોનમર્ગ, ભદરવાહ, દૂધપથરી અને પટનીટોપ-સનાસર જેવા પ્રવાસન સ્થળોને પણ વેગ મળશે. આ સાતેય પ્રોજેક્ટ ૨૦૨૯ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે.

# ટ્રમ્પ વહીવટીતંત્રે વિશ્વભરમાં યુએસ વિઝા એપોઈન્ટમેન્ટ સ્થગિત કરી




વોશિંગ્ટન, તા.૨૬

ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે વિશ્વભરના યુએસ દૂતાવાસો અને કોન્સ્યુલેટ્સમાં વિઝા એપોઈન્ટમેન્ટ સ્થગિત અથવા ફરીથી શેડ્યૂલ કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર, તમામ વિદેશી રાજદ્વારી કેન્દ્રોમાં વૈશ્વિક તાલીમ કાર્યક્રમ અમલમાં મૂકવા માટે વિઝા સેવા એપોઈન્ટમેન્ટમાં ફેરફાર કરવામાં આવી રહ્યા છે. જોકે, આ વ્યવસ્થા કેટલા સમય સુધી ચાલુ રહેશે તેની ચોક્કસ સમયમર્યાદા જાહેર કરવામાં આવી નથી. સ્ટેટ ડિપાર્ટમેન્ટે જણાવ્યું કે તાલીમનો હેતુ કોન્સ્યુલર અધિકારીઓને એવા અરજદારોને ઓળખવામાં મદદ કરવાનો છે, જેઓ અમેરિકાની સરકારી સુવિધાઓ પર નિર્ભર બની શકે છે. તેમજ વિઝા અરજદારોનું વધુ વ્યાપક અને સુસંગત મૂલ્યાંકન થાય તે સુનિશ્ચિત કરવાનો પણ હેતુ છે. અહેવાલો અનુસાર, ઈમિગ્રન્ટ વિઝા માટે ઈન્ટરવ્યૂની તારીખ મેળવી ચૂકેલા કેટલાક અરજદારોને ઈમેલ મોકલી તેમની એપોઈન્ટમેન્ટ ફરીથી શેડ્યૂલ કરવામાં આવી હોવાની જાણ કરવામાં આવી છે. નવી તારીખ અંગે પછીથી માહિતી આપવામાં આવશે. દરમિયાન, ટ્રમ્પ વહીવટીતંત્રે ઈમિગ્રેશન નીતિ વધુ કડક બનાવી છે.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ યુક્રેનને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવી, ઝેલેન્સ્કીએ માન્યો આભાર



કિવ, તા.૨૬

યુક્રેનના સ્વતંત્રતા દિવસ નિમિત્તે ભારતનાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પાઠવેલી શુભેચ્છાઓ બદલ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કીએ આભાર વ્યક્ત કર્યો છે. ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે, તેમને રાષ્ટ્રપતિ મુર્મુનો શુભેચ્છા સંદેશ મળ્યો છે અને તેમણે શાંતિ માટેની શુભકામનાઓ બદલ તેમનો આભાર માન્યો છે. ઝેલેન્સ્કીએ કહ્યું કે યુક્રેન તેની સ્વતંત્રતાની ૩૫મી વર્ષગાંઠ ઉજવી રહ્યું છે ત્યારે રશિયા સાથે ચાલી રહેલા યુદ્ધનો સન્માનજનક અંત અને સ્થાયી શાંતિ લાખો યુક્રેનિયનોનું સૌથી મોટું સ્વપ્ન છે. આ લક્ષ્ય હાંસલ કરવા માટે સમગ્ર વિશ્વે એક થઈને શાંતિનો માર્ગ મોકળો કરવો જોઈએ. તેમણે ભારત સાથેના સંબંધોને વધુ મજબૂત બનાવવાની યુક્રેનની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી. ઝેલેન્સ્કીએ જણાવ્યું કે બંને દેશો વચ્ચે પરસ્પર લાભદાયી સહયોગ અને સંવાદને વધુ મજબૂત બનાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે રશિયા-યુક્રેન વચ્ચે ફેબ્રુઆરી ૨૦૨૨થી યુદ્ધ ચાલી રહ્યું છે. યુક્રેને ૨૪ ઓગસ્ટ, ૧૯૯૧ના રોજ સ્વતંત્રતાની ઘોષણા કરી હતી, જેને બાદમાં રાષ્ટ્રવ્યાપી લોકમતમાં ભારે બહુમતીથી મંજૂરી મળી હતી.

# વરસાદની અછત વચ્ચે રાજય સરકારે અમરેલી સહિત ૭ જિલ્લામાં ૧૦ કલાક વીજળી આપવાનો નિર્ણય કર્યો

ગાંધીનગર,તા.૨૬

રાજ્યમાં ચોમાસું ખેંચાતાં ખેડૂતોના ઊભા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. આ કપરી સ્થિતિમાં ખેડૂતોના હિતમાં ગુજરાત સરકારે સિંચાઈ અને વીજ પુરવઠા અંગે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પાક બચાવવા માટે અગાઉ અપાતી ૮ કલાક વીજળીને બદલે હવે ૧૦ કલાક વીજળી અપાશે. આ નિર્ણય હેઠળ અમરેલી, રાજકોટ,



જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, ગીર સોમનાથ, જૂનાગઢ અને કચ્છ સહિતના જિલ્લાઓમાં ૭ને બદલે ૮ વિસ્તારોમાં ૧૦ કલાક વીજ પુરવઠો શરૂ કરાયો છે. જરૂર પડ્યે અન્ય જિલ્લાઓમાં પણ આ સુવિધા લંબાવાશે. આણંદ અને ખેડાના ખેડૂતો માટે કડાણા ડેમમાંથી પાણી છોડવાનો નિર્ણય લેવાયો છે, જ્યારે મહી કમાન્ડ વિસ્તારમાં પીવાનું પાણી પણ સુનિશ્ચિત કરાયું છે. પશુપાલકોની રાહત માટે અસરગ્રસ્ત ૩૦૧ ગામોમાં અત્યાર સુધીમાં ૧૬ લાખ કિલો ઘાસચારાનું વિતરણ કરાયું છે. આમ, સરકારે વીજળી, પાણી અને ઘાસચારાની વ્યૂહરચના દ્વારા રાહત પૂરી પાડી છે.

# રાજ્યમાં ૪ મહિના ચાલે તેટલો ખાંડનો પૂરતો જથ્થો ઉપલબ્ધ: ૧૫ ઓક્ટોબરથી નવું પીલાણ શરૂ થશે

ગાંધીનગર,તા.૨૬

ખાંડના વધતા ભાવ અંગે સ્પષ્ટતા કરતા રાજ્ય સરકારે જણાવ્યું છે કે નાગરિકોએ ચિંતા કરવાની જરૂર નથી. સરકાર પાસે આગામી ૪ મહિના સુધી ચાલે તેટલો અંદાજે ૧૮ લાખ ક્વિન્ટલ ખાંડનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

રાજ્યની ૧૭ ખાંડ મિલોની પીલાણ ક્ષમતા ૭૩ હજાર ટનની છે અને આગામી ૧૫મી



ઓક્ટોબરથી નવું પીલાણ શરૂ થતાં સપ્લાય જળવાઈ રહેશે. રાજ્યમાં ઈથેનોલનું ઉત્પાદન ખાંડમાંથી નહીં પરંતુ શેરડીના કૂચા અને ગોળના રસમાંથી કરાતું હોવાથી ખાંડના જથ્થા પર કોઈ વિપરીત અસર પડશે નહીં.

અગાઉ ખાંડના ભાવ પ્રતિ ક્વિન્ટલે રૂ.૬૫૦૦થી પણ વધી ગયા હતા, પરંતુ સરકારના સઘન પ્રયાસોને કારણે ભાવમાં રૂ.૩૦૦૦નો નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. જેથી સામાન્ય નાગરિકોને મોટી રાહત મળી છે અને ખોટી અફવાઓથી દૂર રહેવા અપીલ કરાઈ છે.

# જૂનાગઢ નોબેલ આયુર્વેદિક કોલેજમાં હાજરી અંગે ૧૦ લાખની ઓફર કરતા ફરિયાદ નોંધાઈ

જૂનાગઢ,તા.૨૬



જૂનાગઢની નોબેલ આયુર્વેદિક કોલેજમાં ૧૩ ફેકલ્ટી સભ્યોની હાજરી અંગેની તપાસમાં સાનુકૂળ રિપોર્ટ મેળવવા ૧૦ લાખની લાંચ આપવાની ઓફર કરાતાં સીબીઆઈએ એફઆઈઆર નોંધી છે. એનસીઆઈએસએમની તપાસ કમિટીના સભ્ય ડો. રૂપાલી મહાડીકને કોલેજના પ્રોફેસર ડો. અભય નાલવડે અને ટ્રસ્ટી પ્રતીક મોરીએ વોટ્સએપ કોલ કરી શિક્ષકોને ક્લીનચીટ આપવા લાંચની ઓફર કરી હતી. ડો. રૂપાલીએ પુરાવા એકત્ર કરી સીબીઆઈ નવી દિલ્હીમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે સીબીઆઈએ બંને સામે ગુનાહિત ષડયંત્રનો કેસ નોંધી તપાસ હાથ ધરી છે.

# ઈડરના સમલાપુર ગામમાં ૧૯ વર્ષના યુવકે ૮ વર્ષના કૌટુંબિક ભાઈની હત્યા કરતા ચકચાર

હિંમતનગર,તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના સમલાપુર ગામે બે દિવસથી ગુમ થયેલા ૮ વર્ષના બાળક કેવલ ઠાકોરની તેના જ ૧૯ વર્ષના કૌટુંબિક ભાઈ સાવન ઠાકોરે ગળું દબાવી હત્યા કરી મૃતદેહ કૂવામાં ફેંકી દીધો હોવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે.



પોલીસે શંકાના આધારે સાવન ઠાકોરની કડક પૂછપરછ કરતાં તેણે આ ગુનો કબૂલ્યો હતો. તપાસમાં મિલકત વિવાદ અને અંધશ્રધ્ધા કે કાળા જાદુના વહેમમાં આ ક્રૂર હત્યા અંજામ અપાઈ હોવાનું ખુલ્યું છે. ઉલ્લેખનીય છે કે, મૃતક કેવલના મોટા ભાઈ અમિતનું પણ એક વર્ષ અગાઉ તળાવમાં ડૂબી જવાથી મોત થયું હતું. જેથી તે ઘટનામાં પણ સાવનની સંડોવણી છે કે કેમ તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે અને કૂવામાંથી મૃતદેહ બહાર કાઢી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# જેતપુરમાં મોપેડને ધક્કો મારતી વખતે ૧૫ વર્ષીય વિદ્યાર્થીનું હાર્ટ એટેકથી કરૂણ મોત

રાજકોટ,તા.૨૬



જેતપુરમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા ૧૫ વર્ષીય વિદ્યાર્થી પૂર્વ મહાલીયાનું હૃદયરોગના હુમલાથી અકાળે અવસાન થયું છે. ટ્યુશનથી ઘરે પરત ફરતી વખતે મોપેડમાં પેટ્રોલ ખૂટી જતાં તે વાહનને ધક્કો મારીને લઈ જઈ રહ્યો હતો, ત્યારે અચાનક છાતીમાં દુખાવો ઉપડતાં રસ્તા પર જ ઢળી પડ્યો હતો. સ્થાનિકોએ તેને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી.પરિવારજનોના જણાવ્યા અનુસાર પૂર્વને અગાઉથી જ હૃદયની તકલીફ હતી અને તેનું હૃદય માત્ર ૩૦ ટકા કામ કરતું હતું. એકના એક પુત્રના અકાળે મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

# ભાવનગરમાં ફૂટપાથ પર બેઠેલી માતા-પુત્રીને એસટી બસે કચડી નાખતા બંનેના કરૂણ મોત

ભાવનગર,તા.૨૬

ભાવનગર બસ સ્ટેન્ડ બહાર એક કાળજું કંપાવનારો ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. સિહોર-ટાણા-વરલ રૂટની એસટી બસ સ્ટેન્ડમાંથી બહાર નીકળી રહી હતી ત્યારે ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં બસ ફૂટપાથ પર ચડી ગઈ હતી અને ભરૂચા ક્લબની દીવાલ સાથે ધડાકાભેર



અથડાઈ હતી.

આ અકસ્માતમાં ફૂટપાથ પર વાહનની રાહ જોઈને બેઠેલા ૨૮ વર્ષીય લલીતાબેન પરમાર અને તેમની ૭ વર્ષની પુત્રી સોનિયાબેનનું ઘટનાસ્થળે જ ગંભીર ઈજાઓ થવાથી કરૂણ મોત નીપજ્યું છે.

અકસ્માતમાં અન્ય એક મહિલા, ૪૮ વર્ષીય મધુબેન વાઘેલા પણ ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. બનાવની જાણ થતાં પોલીસે સ્થળ પર પહોંચી જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજયમાં છેલ્લાં પાંચ વર્ષમાં ૨૫ લાખથી વધુ પરિવારોને મફત અનાજ અપાયુ હોવાનો ખુલાસો

ગાંધીનગર,તા.૨૬

ગુજરાતમાં રોજગારી અને વિકાસના દાવાઓ વચ્ચે અન્ન સુરક્ષા યોજનાના આંકડા સરકાર સામે જ સવાલ ઊભા કરી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં ૨૫ લાખથી વધુ પરિવારોના ૧.૧૪ કરોડથી વધુ લાભાર્થીઓને મફત અનાજ આપવામાં આવ્યું હોવાનું અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે જણાવ્યું છે.સરકારના આંકડા મુજબ વર્ષ ૨૦૨૨-૨૩માં ૩.૦૬ લાખ પરિવારોના ૧૪.૪૮ લાખ લોકોને લાભ મળ્યો હતો. વર્ષ ૨૦૨૩-૨૪માં આ સંખ્યા વધીને ૫.૬૩ લાખ પરિવારો અને



૨૫.૪૩ લાખ લોકો થઈ હતી. વર્ષ ૨૦૨૪-૨૫માં ૭.૪૯ લાખ પરિવારોના ૩૪.૫૩ લાખ લોકો અને વર્ષ ૨૦૨૫-૨૬માં ૯.૨૦ લાખ પરિવારોના ૩૯.૬૫ લાખ લોકો યોજનાના લાભાર્થી બન્યા હતા.છેલ્લા પાંચ વર્ષમાં ૧૩૬ લાખ મેટ્રિક ટન ઘઉં-ચોખા અને ત્રણ લાખ મેટ્રિક ટન બરછટ અનાજનું વિતરણ કરાયું છે. લાભાર્થીઓની વધતી સંખ્યા વચ્ચે સવાલ એ છે કે આ વધારો જરૂરિયાતમંદો સુધી યોજનાની પહોંચ વધ્યાનો સંકેત છે કે આર્થિક રીતે નબળા પરિવારોની સંખ્યા વધી રહી છે?

# જામનગરમાં ઉછીના રૂપિયા આપ્યા બાદ પરત માંગતાં બોલાચાલી બાદ આધેડની છરીના ઘા મારી હત્યા

જામનગર,તા.૨૬

જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં ઉછીના આપેલા રૂપિયા પરત માંગવાના મુદ્દે થયેલી બોલાચાલીમાં આધેડની ગળાના ભાગે છરીના ઘા ઝીંકી ક્રૂર હત્યા કરી દેવાતાં ચકચાર મચી ગઈ છે. આ હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત ચંદ્રસિંહ ઉર્ફે ચંદો મૂળુજી રાઠોડનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું




હતું.

બનાવ અંગે સીટી-સી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી હુશેન ઈસ્માઈલ સંધી વિરુધ્ધ હત્યાનો ગુનો નોંધાયો છે. પોલીસ તપાસ અનુસાર, તા. ૨૩ના રોજ સાંજે આરોપી હુશેને મૃતક પાસે ઉછીના રૂપિયા પરત માંગ્યા હતા. ચંદ્રસિંહે ના પાડતાં ઉશ્કેરાયેલા હુશેને પોતાની પાસે રહેલી છરી વડે ગળા પર વાર કરી હત્યા અંજામ આપ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# સુરતમાં ભાજપ આગેવાનની પુત્રવધુએ કર્યો આપઘાત : આંતરવસ્ત્રોમાંથી મળી સુસાઈડ નોટ

સુરત,તા.૨૬

સુરતના કડોદરામાં ભાજપના પૂર્વ હોદ્દેદારની ૨૪ વર્ષીય પુત્રવધુ નિધિ રાજપૂતે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો છે. સાસરિયાં પુરાવાનો નાશ ના કરે તે માટે નિધિએ પોતાના આંતરવસ્ત્રોમાં દોઢ પાનાની સુસાઈડ નોટ છુપાવી રાખી હતી, જે પોસ્ટમોર્ટમ દરમિયાન તબીબોને મળી આવી હતી.

સુસાઈડ નોટમાં પતિના અન્ય



મહિલા સાથેના સંબંધો અને તેનાથી મળતી માનસિક પીડાનો ઉલ્લેખ કરાયો છે. કડોદરા જીઆઈડીસી પોલીસે ચિઠ્ઠી જપ્ત કરી પતિ સામે ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી છે.

# સંજય સોલંકી અપહરણ કેસમાં ગણેશ જાડેજાને જૂનાગઢ જિલ્લા કોર્ટે નિર્દોષ જાહેર કર્યો

જૂનાગઢ,તા.૨૬

સૌરાષ્ટ્રના ચકચારી રાજુ સોલંકીના પુત્ર સંજય સોલંકીના અપહરણ અને મારપીટના કેસમાં જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ કોર્ટે મુખ્ય આરોપી ગણેશ જાડેજાને કાયદાકીય રીતે નિર્દોષ જાહેર કર્યા છે. ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના પુત્ર ગણેશ જાડેજા સહિત ૧૧ શખ્સો સામે ૨૦૨૪માં આ કેસ નોંધાયો હતો.ઉલ્લેખનીય છે કે,



આ મામલે અગાઉ ૨૪ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ બંને પક્ષો વચ્ચે ગોંડલ ખાતે સામાજિક રીતે જાહેરમાં સમાધાન થયું હતું. સમાધાન વખતે બંને પક્ષોએ સ્વીકાર્યું હતું કે અંગત વિવાદને કારણે સમાજને ગેરમાર્ગે દોરવામાં આવ્યો હતો.

અગાઉ ગણેશ જાડેજા પર એટ્રોસિટી અને અપહરણનો ગુનો બન્યો હતો, જ્યારે સામે પક્ષે રાજુ સોલંકી પર ગુજસીટોક હેઠળ કાર્યવાહી થઈ હતી. આઠ મહિના અગાઉ થયેલા સમાધાન બાદ હવે કોર્ટે પણ ગણેશ જાડેજાને નિર્દોષ મુક્ત કર્યા છે.






# ઉપલેટાના પડવલા ગામમાં કૌટુંબિક ભત્રીજાએ મસ્તીમાં કાકાની છરીના ઘા ઝીંકી હત્યા કરી

રાજકોટ,તા.૨૬

ઉપલેટા તાલુકાના પડવલા ગામમાં લોહીના સંબંધોને લજવતી એક હચમચાવનારી ઘટના સામે આવી છે. ગામમાં પાણીના પરબ પાસે બેઠેલા ૩૫ વર્ષીય અદ્રેમાન કારાભાઈ નોયડા અને તેમના કૌટુંબિક ભત્રીજા સોહીલ અયુબભાઈ નોયડા વચ્ચે સામાન્ય મસ્તી અને વાતોવાતમાં બોલાચાલી થઈ હતી.




આ મસ્તીથી ઉશ્કેરાઈ જઈ ગુસ્સાવાળા સ્વભાવના સોહીલે પોતાની પાસે રહેલી છરી કાઢી કાકા અદ્રેમાનની છાતીમાં ઘા ઝીંકી દીધો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત અદ્રેમાનને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાતાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે મૃતકના ભાઈ મુસા નોયડાની ફરિયાદના આધારે ભાયાવદર પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧) મુજબ હત્યાનો ગુનો નોંધીને ફરાર આરોપી ભત્રીજા સોહીલને પકડી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નાનકડા પડવલા ગામમાં આ ઘટનાને પગલે ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.